જૈન તત્ત્વજ્ઞાન કોર્સ

# કર્મ વિજ્ઞાન



પંન્યાસ કૃપાબોધિવિજય

# INDEX


01 કર્મ વિજ્ઞાનનો મૂળ સ્રોત પ્રભુ વીરનું કેવળજ્ઞાન 01

02 SESSION - 1 પુદ્ગલોની રોચક માહિતી 08

03 SESSION - 2 કર્મબંધનના કારણોની સમજૂતિ 17

04 SESSION - 3 આત્માનું તથા કર્મબંધનનું સ્વરૂપ 25

05 SESSION - 4 કર્મના બંધ-ઉદય સત્તાની વ્યવસ્થા 32

06 SESSION - 5 જ્ઞાનાવરણ - દર્શનાવરણ કર્મની સમજૂતિ 38

07 SESSION - 6 અંતરાય-મોહનીય કર્મની સમજૂતિ 53

08 SESSION - 7 આયુષ્ય-વેદનીય કર્મની સમજૂતિ 65

09 SESSION - 8 નામ-ગોત્ર કર્મની સમજૂતિ 73

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચન્દ્ર-સંયમબોધિ ગુરુભ્યો નમઃ ॥

## જૈન તત્ત્વજ્ઞાન કોર્સ

# કર્મ વિજ્ઞાન




લેખક/સંપાદક

પ. પૂ. પંન્યાસ શ્રી કૃપાબોધિવિજયજી મ.સા. (હેમઘોષ)



પ્રકાશક - પ્રાપ્તિસ્થાન

જૈનમ્ પરિવાર

પુસ્તક નામ

# કર્મવિજ્ઞાન

લેખક/સંપાદક

પ. પૂ. પંન્યાસ

શ્રી કૃપાબોધિવિજયજી મ.સા. (હેમઘોષ)

પાના - ૮૪

મૂલ્ય - ૧૫૦

## પ્રકાશક - જૈનમ્ પરિવાર


પ્રાપ્તિસ્થાન

જૈનમ્ પરિવાર
8980121712

જૈનમ્ (મલાડ)
9769289943

ઉત્સવ (સુરત)
8000078495

વિરાગ (વડોદરા)
9662517969

જય (જામનગર)
8320446897

## સુખનું સરનામુ
# કર્મવિજ્ઞાન

- મારી બધી ઈચ્છા કેમ પૂરી થતી નથી ? મારા પ્રસંગમાં જ કેમ બધાને ઉત્સાહ નથી જાગતો ? મારી મહેનત મુજબ મને સામાજિક-આર્થિક-શૈક્ષણિક કે કૌટુંબિક દૃષ્ટિથી પરિણામ કેમ નથી મળતું ? મારે જ કેમ બધે જતું કરવાનું ? મારે જ કેમ બધે ઘસાવાનું ? મારે જ કેમ બધે પીસાવાનું ? મારી જ સાથે આમ કેમ ? why with me ? સાનુકૂળ મળતું નથી, મળે તો ટકતું નથી, ટકે તો ભવિષ્યમાં પણ મળે તેનું રીઝર્વેશન કરાવવાનો માર્ગ શું ?

  કદાચ આ પ્રશ્નો પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સતાવતા હોય છે... એટલું જ નહીં, જ્યારે-જ્યારે આ પ્રશ્ન મનને પ્રભાવિત કરે ત્યારે-ત્યારે સંક્લેશ-બેચેની-હતાશા-નિરાશાથી જીવ દુઃખી દુઃખી બને છે. સામે પક્ષે ઉપરોક્ત તમામ વિષમતાનું કારણ મારા જ કર્મો એટલે મારા દ્વારા કરાયેલી ભુલ જ છે તેનો સ્વીકાર થતા મનમાં સમાધિ-પ્રસન્નતા-ઉત્સાહ-સ્વીકાર વગેરેના શુભ વિચારોથી જીવ સુખી-સુખી બને છે... યાદ રહે, ગુનેગાર અન્ય છે આ વિચારધારામાં સંક્લેશ-બેચેની-હતાશા છે, ગુનેગાર સ્વયં પોતે છે-કર્મ છે આ વિચારધારામાં પ્રસન્નતા-સમાધાન-ઉત્સાહ છે...

  આમ, કર્મવિજ્ઞાનનું ચિંતન-જીવનમાં અમલીકરણ સ્વયં સુખ છે-સંતોષ છે-સમાધિ છે.

  આવા, સુખના માર્ગની આધુનિક શૈલીથી પ્રસ્તુતિ એટલે જ પ્રસ્તુત પુસ્તક ***"કર્મવિજ્ઞાન"***

- વાસ્તવિક વિચારશૈલી-આચારશૈલીને ગૌણ કરી સુખ-શાંતિ-ઉત્સાહની વૃદ્ધિના સ્વપ્ન જોનારી આજની નામધારી smart generation ને પ્રભુવીર ઉપદિષ્ટ કર્મવિજ્ઞાનનું જ્ઞાન Real માં Smart બનાવશે...

- Corrupt થતી કે Hack થતી આજની Modern Technology ની સામે આ કર્મનું Software ક્યારેય Corrupt કે Hack નથી થતુ અને તેનાથી જીવના જન્મ-મરણના ચકરાવા, સુખ-દુઃખની ચડતી-પડતી ચાલુ જ રહે છે...

  જીવનના સૂત્રધાર એવા આ કર્મ Software ની આધુનિક તથા સંક્ષિપ્ત ભાષામાં સમજૂતિ અને કર્મ Software ને પણ Corrupt કરી તેને Hack કરી પોતાનો પ્રભાવ સાબિત કરનારા ધર્મ Software ની સમજૂતિ આ કર્મવિજ્ઞાન પુસ્તકમાં રજુ કરાઈ છે...

- અત્રે સમજૂતિ માટે ઘણા કાલ્પનિક ચિત્રો અને કાલ્પનિક દૃષ્ટાંતો મૂળભૂત પદાર્થોને સાપેક્ષ રહી રજુ કરાયા છે.

- આમ તો આ ચિત્રોનું લખાણ Short Notes સ્વરૂપે-વિદ્વાનો-પંડિતો-અભ્યાસુઓના રીવીઝન તથા બીજાને અભ્યાસ કરાવવાના રેફરન્સ માટે તૈયાર કરેલી-જેમાં શ્રી લબ્ધિનિધાન શ્વે. મૂ. જૈન સંઘ-આંબલીની તત્વજ્ઞાન પાઠશાળાનું સમૃદ્ધિકરણ નિમિત્ત બનેલ. શ્રીસંઘે નવા ગ્રાફિક્સ કરાવવા ઉત્સાહ દાખવ્યો તો આજે સકલ જૈન સંઘને નવી દૃષ્ટિ અને નવા દશ્યો સાથે કર્મવિજ્ઞાનની ભેટ મળી, હજી સંઘનો સાથ મળે તો અન્ય અનેક વિષયો માટેના નવા ગ્રાફીક્સ કરાવવાની ભાવના છે...
- આમાં, જે પણ ઉત્તમ છે તેનો યશ જાય છે...
  કમ્મપયડી ગ્રંથનો મને અભ્યાસ કરાવવાની સુચારુ વ્યવસ્થા કરાવવાની સાથે સાથે અભ્યાસ અંગેનો વ્યક્તિગત રીપોર્ટ મેળવી મને આ વિષયમાં નિપુણ બનાવનાર પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ ***વિજયજયઘોષસૂરીશ્વરજી*** મહારાજાને...
- કમ્મપયડી ગ્રંથની ટીકાનું વાંચન કરાવનાર પરમોપકારી, સંયમનાવના સુકાની સહસ્રકૂટતપારાધક ગુરુદેવ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ ***વિજયસંયમબોધિસૂરીશ્વરજી*** મહારાજાને...
- કમ્મપયડી ગ્રંથના અર્થનો અભ્યાસ કરાવનાર પંડિતવર્ય ***પારસભાઈ***ને...
- આ પુસ્તકના તમામ ગ્રાફીક્સ Graphiculture વાળા ***હિતભાઈ*** પાસે તૈયાર કરાવેલ છે અને ***પ્રિયંકભાઈ*** પંડિતની મહેનતથી પ્રિન્ટિંગ કાર્ય થયેલ છે તે સર્વેની પણ ભૂરિ-ભૂરિ અનુમોદના...
- અંતે સકળ શ્રી સંઘને કરબદ્ધ પ્રાર્થના કે આવા સર્જનો દ્વારા સ્વ/પરનું એકાંતે કલ્યાણ થાય, કાળને અનુરૂપ સાર્થક શાસન સેવા કરી શકવાનું સદ્ભાગ્ય મને સાંપડે તેવા મંગળ આશીર્વાદ મને પાઠવે...

**લિ. કૃપાબોધિ વિજય**
**કા.સુ. ૧૩, ૨૦૮૦**

## શ્રુતજ્ઞાન કો સદા મોરી વંદના રે...



**આ પુસ્તકનો લાભ**

# જૈન સમાજ માન્ચેંસ્ટરે (U.K.)

**જ્ઞાનનિધિમાંથી ખૂબ ઉલ્લાસપૂર્વક લીધેલ છે.**

**તથા**

**વિમળાબેન નંદુલાલ શાહ પરિવાર**

**હ. અમિતાબેન હેમેન્દ્રભાઇ શાહ પરિવારે**

**ઉદારતાપૂર્વક લાભ લીધેલ છે.**

**અનુમોદના... અનુમોદના... અનુમોદના...**



**વૈ.સુ.૧૦ની સંધ્યાએ ઋજુવાલિકા નદીના કિનારે**
**ભગવાન મહાવીરસ્વામીને પ્રગટ થયું કેવળજ્ઞાન...**

## પરમાત્મા મહાવીર દેવને કેવળજ્ઞાન.. 01

- પૂર્વથી ત્રીજા ભવમાં (૨૫મા ભવમાં) ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કરી - વીશસ્થાનકની આરાધનાથી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું.
- આ ભવમાં ૧૨.૫ વર્ષની સાધના - તપશ્ચર્યા દ્વારા જૂના કર્મ ખપાવ્યા બાદ
- **વૈશાખ- સુદ.૧૦ ના દિવસે પરમાત્મા મહાવીર દેવને કેવળજ્ઞાન..**



**૧ યોજન-લગભગ ૧૩ K.M. વિસ્તારવાળા, ૨.૫ ગાઉ = લગભગ ૮ K.M. ઊંચાઇવાળા સોના-ચાંદી-રત્નોથી નિર્મિત દૈવી સમવસરણમાં એટલે જ્ઞાનદાન કરનારી પાઠશાળામાં બિરાજમાન ભગવાન મહાવીર...**

## તીર્થંકર નામકર્મનો ઉદય શરૂ 02

તેના પ્રભાવથી આશ્ચર્યજનક સમવસરણની રચના,

- ૨.૫ ગાઉ ઊંચુ = લગભગ ૮ કિ.મી. ઊંચુ તથા ૧ યોજન પહોળું = લગભગ ૧૩ કિ.મી. પહોળું, ચાંદી, સોના, રત્નના ગઢથી નિર્મિત સમવસરણ.
- કુલ ૨૦,૦૦૦ પગથીયા, વિરાટ અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, જાનુ પ્રમાણ પુષ્પો વગેરેથી શોભતું સમવસરણ.
- સંપૂર્ણ હવામાં (આકાશમાં) અદ્ધર ગઢ, પગથીયાથી શોભતા સમવસરણમાં દેશના - જ્ઞાનદાન માટે પધારતા પરમાત્મા...



**જ્ઞાનની પાઠશાળાના મુખ્ય પ્રોફેસરો તરીકે નિયુક્ત કરાતા ૧૧ ગણધરો અને તેમાંથી આત્મકલ્યાણ યુનિવર્સીટી (શાસન)ની સ્થાપના...**

### 03 — ૩ પ્રદક્ષિણા- ૩ વાર પ્રશ્ન
### भयवं किं तत्तं ?

- ઉત્તરઃ- उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा.... ગણધર ભગવંતો દ્વારા દ્વાદશાંગીની અંતર્મુહૂર્તમાં રચના - ૧૧ ગણધરોના જ્ઞાન પર મહોરછાપ તુલ્ય વાસક્ષેપનું પ્રદાન કરી તીર્થની રચના.
- સૂત્રરચના તીર્થરચનાનો પાયો છે.
- સૂત્ર ઉપર સર્વજ્ઞની મહોરછાપ તીર્થરચનાનું સ્વરૂપ છે
- પંચમહાવ્રતધારી, સમર્પિત, વૈનયિકી અને બીજબુદ્ધિના સ્વામી, પ્રકૃષ્ટ પુણ્યના સ્વામિ ગણધરોને અન્યને આરાધનામાં જોડવાની, ઉપદેશ પ્રદાનની અનુજ્ઞા આપવી તે તીર્થરચના છે; આમ જ્ઞાન ''મહાવ્રતધારી ગુરુમુખથી'' લેવાની પરંપરાનો શુભઆરંભ..



**જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાખાને અર્થ (Long Terminology) થી દેખાડનારા ભગવાન મહાવીર... સૂત્ર (Short Terminology)થી દેખાડનારા ગૌતમ વગેરે ૧૧ ગણધરો..**

## જ્ઞાન-વિજ્ઞાનનું મૂળ ભગવાન મહાવીરની દેશના

04

- પ્રભુવીર ૩૦ વર્ષ કેવળી, અંદાજીત ૩૦x૩૬૦ દિવસ =૧૦૮૦૦ દિવસ
- રોજની ૬ કલાક (૨ પ્રહર) દેશના ૧૦૮૦૦ x ૬ = ૬૪૮૦૦ કલાકની દેશનામાં
- जीवा कहं किलिस्संति ? बज्झंति ? मुच्चंति ?

કેવી રીતે (શા માટે) જીવો દુઃખી થાય છે?/ બંધાય છે?/છુટે છે/નું સમાધાન અલગ-અલગ રીતે આપ્યું. તેમાંથી જ જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાખાનું જ્ઞાન પ્રાપ્ત થયું..



**સર્વજ્ઞ ભગવાન ઉપદિષ્ટ શ્રુતસમુદ્રમાંથી બિંદુતુલ્ય જ્ઞાનને તર્ક - પ્રયોગ અને અનુમાનથી સત્ય તરીકે જાહેર કરનારા વૈજ્ઞાનિકો અને તેમના સમીકરણો...**

## super Scientist
### ભગવાન મહાવીર
05

- સાધના – નિર્મળતા - સર્વજ્ઞતા દ્વારા શ્રુતજ્ઞાનનો ઉપદેશ - **સર્વજ્ઞભગવંત**
- પ્રયોગ-પુરુષાર્થ-પૈસાનો વ્યય દ્વારા બિંદુતુલ્ય જ્ઞાન સુધી પહોંચવાનો પ્રયાસ - **વૈજ્ઞાનિક**

માટે જ ભગવાન શ્રેષ્ઠ વૈજ્ઞાનિક - જ્ઞાની મહાપુરુષ હતા..




**કેમેસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી, એસ્ટ્રોલોજી, એસ્ટ્રોનોમી, મેથેમેટિક્સ, આયુર્વેદિક વગેરે સમસ્ત જ્ઞાન પરંપરાની ઉત્પત્તિભૂમિ સર્વોત્કૃષ્ટ પુણ્ય, શકિત, બુદ્ધિ-જ્ઞાનના ધારક આ વિશ્વના SUPER SCIENTIST ભગવાન મહાવીરના ચરણોમાં વંદન કરી કર્મ વિજ્ઞાન વિષયના જ્ઞાનમાં ભીંજાઈએ.**

## super Scientist
## ભગવાન મહાવીર

06

- **સંપત્તિના ત્યાગથી જ્ઞાનપ્રાપ્તિ-અરિહંત પરમાત્મા**
  **સાવદ્યના ત્યાગથી જ્ઞાનપ્રાપ્તિ – અરિહંત પરમાત્મા**
  સાવદ્ય પ્રયોગો/સંપત્તિ-સમયના વ્યયથી આંશિક જ્ઞાનપ્રાપ્તિ-વૈજ્ઞાનિકો
- **વિજ્ઞાન અને ધર્મ પૂરક છે**
  કારણકે પ્રભુ સર્વજ્ઞ હતા, પદાર્થના વિજ્ઞાનને (વિશિષ્ટ જ્ઞાનને) જાણનારા હતા. તેથી પદાર્થના જ્ઞાનની ચરમસીમા સુધી પહોંચી અતીન્દ્રિય તત્ત્વોને જાણનારા હતા, તથા તેના સદુપયોગની કળા વિશ્વને બતાવનારા હતા.

# પૂર્વભૂમિકા

- **વિશ્વમાં ર પદાર્થો છે :-**

  જીવ, અજીવ.. જેમાં, જીવ છે ? કેવો છે? કેટલા ભેદ છે ? વગેરે માહિતિ જીવવિજ્ઞાનમાં આવે, અજીવના ૬ ભેદની માહિતિ નવતત્ત્વમાં છે. અત્રે કર્મવિજ્ઞાનમાં જરૂરી અજીવના ભેદ પુદ્ગલ અંગેની રોચક માહિતિ સૌપ્રથમ રજૂ કરાય છે.

- સૌ પ્રથમ આ જગતની વિચિત્રતા જ કર્મ વિજ્ઞાનની સત્યતાની સાબિતિ છે.. કોઈક પશુ-કોઈક માણસ, તેમાં ય કોઇક શ્રીમંત - કોઇક ગરીબ, કોઇક રોગી-કોઇક નિરોગી, કોઈક બુદ્ધિવાન-કોઇક મંદબુદ્ધિ... આ ભેદો કોઇક અગમ્ય તત્વની હાજરી સૂચવે છે જે છે કર્મ.

- **શ્રીપાળરાજાઃ-**

  નાની ઉંમર, પિતાનું મૃત્યુ-જંગલમાં ગમન-કોઢીયાના ટોળામાં ગમન-મયણા સાથે લગ્ન-નિરોગીતા-વિરાટ સૈન્યના સ્વામિ-આટલી વિરોધાભાસી ઘટના એક વ્યક્તિના જીવનમાં ઘટે છે. કારણ શું ?

- **બિપિન રાવત**

  ભારતના પ્રથમ CDS- ભારતની સુરક્ષા કરનારા પોતાની સુરક્ષામાં થાપ ખાઈ ગયા.

- **રાનુ મંડલ**

  ભિખારણમાંથી TOP singer બન્યા, પાછા ગુમનામીની ગર્તામાં ફેંકાયા. - કારણ શું ?

- **અર્જુન**

  શ્રેષ્ઠ ધનુર્ધર હોવા છતા નપુંસકના ગુપ્તવેશે કલાચાર્ય બની રહેવું પડ્યું, કારણ શું ?

- **સુશાંતસિંહ રાઠોડ**

  યુવાનોને ગમે તેવી personality ધરાવનારા, ભૌતિક lifeમાં સફળ સુશાંતસિંહ ડીપ્રેશનના પેશન્ટ બની આત્મહત્યા કરી ચુક્યા..કારણ શું?

**આ બધાનું ચાલકબળ કર્મવિજ્ઞાનને સમજવું ખૂબ જરૂરી છે.**

**ભૂતકાળ =** Reason (જે થાય તેનું કારણ)

**ભવિષ્ય =** Result (જે કરુ છું તેનું પરિણામ) જાણવા કર્મવિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે.

# SESSION-1




**સૌથી સ્થૂલ કદના પુદ્ગલો એટલે ઔદારિક મેટર, જે મેટરના ઉપયોગથી પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ-વિવિધ જીવસૃષ્ટિ તથા મનુષ્યો પોતાનું શરીર બનાવે છે.**

## ૧) ઔદારિક પુદ્ગલો

- અજીવના પેટાભેદ પુદ્ગલ અંગે જિનશાસનમાં રોચક માહિતિ મળે છે.
- મુખ્યતઃ ૮ પ્રકારના પુદ્ગલો (મેટરો) ૧૪ રાજલોકમાં માન્યા છે. અનંત પુદ્ગલોનો (પુદ્ગલ પરમાણુનો) જથ્થો ભેગો થાય તેને **સ્કંધ** કહે છે. જીવ આવા અનેક પુદ્ગલસ્કંધો સતત ગ્રહણ કરે છે. **વર્ણ,ગંધ,રસ, સ્પર્શ,શબ્દ એ** પુદ્ગલના ગુણધર્મ.

  ઔદારિક પુદ્ગલોઃ-સૌથી સ્થૂલ પુદ્ગલો..
- મનુષ્ય, તિર્યંચો(એકે.,બેઈ.,તેઈ.,ચઉ.,પંચે.) નું શરીર બને..
- હાલ જે પણ દેખાય,ચખાય,સુંઘાય,સ્પર્શાય તે સર્વ ઔદારિક પુદ્ગલ..
- પીરીયોડીક ટેબલમાં અપાયેલા સેંકડો કેમીકલ,ધાતુઓ ઔદારિક પુદ્ગલો છે. તેના સંયોગથી નવી પ્રોડક્ટ્સ તૈયાર થાય.
- **ઉ.દા.** Na=સોડીયમ, cl=ક્લોરાઈડ, Nacl=મીઠું(સોડીયમ ક્લોરાઈડ)
- આ ઔદારિક પુદ્ગલો જીવ સહિત હોય તો **સચિત્ત.**




**ઔદારિક કરતા સૂક્ષ્મ કદના અને વધુ ચમકીલા મેટર એટલે વૈક્રિય મેટર, જેમાંથી દેવતા-નારકીનું,લબ્ધિધારી મનુષ્ય-તિર્યંચનું શરીર બને છે અને સાયક્લોન વખતે વાયુકાયના જીવો પણ આ મેટરનો ઉપયોગ કરે છે.**

**૨) વૈક્રિય પુદ્ગલોઃ-**

- ૪ પ્રકારના દેવોને, નરકના જીવોને આ શરીર હોય છે..
- એક શરીર કરતા વધુ જે પણ રૂપો થાય તે પણ વૈક્રિય રૂપ હોય છે.
- હાલ જે પણ દેવ-દેવી ચક્રેશ્વરીજી, પદ્માવતીજી, સરસ્વતીજી, મણીભદ્રજી, નાકોડા ભૈરવજી, ઘંટાકર્ણજી વગેરેની પ્રતિકૃતિ મળે છે તે ઉત્તરવૈક્રિય (બીજું રૂપ) શરીર હોય છે. મૂળ રૂપ દેવલોકમાં હોય તે વૈક્રિય શરીર કહેવાય, અત્રે આવવા જે બીજું રૂપ બનાવાય તે ઉત્તર વૈક્રિય.
- દેવલોક-નરકની શાશ્વત રચના ઔદારિક પુદ્ગલની પણ દેવ-નરકના શરીર,(દેવ-નારકીકૃત) અલ્પકાલીન કોઈક રચના વૈક્રિય પુદ્ગલની હોય.
- ઔદારિક પુદ્ગલથી વધુ સૂક્ષ્મ હોવાથી ઔદારિક રચનાના પોલાણમાંથી નીકળી શકે.. જેમ મોટા પત્થરની મધ્યમાંથી નાના કાંકરા નીકળી જાય.
- નરકના જીવોના શરીરના વૈક્રિય પુદ્ગલો પારા જેવા હોય છે. માટે છુટા પડી પાછાં ભેગા થઈ જાય છે. વૈક્રિયલબ્ધિ યુક્ત મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ અન્ય રૂપ (ઉત્તરવૈક્રિય શરીર) બનાવવા વૈક્રિય પુદ્ગલો વાપરે. બાદરપર્યાપ્તા વાયુકાયના જીવો પણ આ શરીર બનાવે છે. **ઉદા.** વાવાઝોડું..



**સમવસરણની ઋદ્ધિ જોવા કે સંશયનું નિવારણ કરવા ૧૪ પૂર્વી સાધુ આ આહારક મેટરના ઉપયોગથી નવું તેજસ્વી શરીર બનાવે છે.**

### ૩) આહારકપુદ્ગલોઃ-

- વૈક્રિય કરતા વધુ સૂક્ષ્મ ચમકદાર પુદ્ગલો.
- માત્ર ૧૪ પૂર્વધર સાધુ જ આ પુદ્ગલોનો ઉપયોગ કરે છે.
- વૈભવથી નિર્મિત, અતિશયોથી જન્ય ભૌતિક ઐશ્વર્ય યુક્ત સમવસરણની રચના એટલી ભવ્ય હોય છે કે વૈરાગી સાધુ પણ તે જોવા જાય છે.
- આનાથી વીતરાગ પ્રત્યેનો તીવ્ર અહોભાવ, વીતરાગતા માટેનો પુરુષાર્થ વૈરાગી સાધુનો વધે છે. ૧૪ પૂર્વના જ્ઞાનમાં ક્યાંક પ્રશ્ન પેદા થાય તો તે જિજ્ઞાસાનું સમાધાન મેળવવા માટે તીર્થંકર પાસે જવા આ પુદ્ગલો વપરાય.
- પ્રશ્નોની જિજ્ઞાસા ૧૪ પૂર્વીને પણ ઉઠે અને સમાધાન માટે અન્ય પ્રદેશ, ક્ષેત્ર માં જઈને પણ સમાધાન મેળવે. આપણે પણ જિજ્ઞાસા પેદા કરી ગીતાર્થ ગુરુભગવંત પાસે સમાધાન કરવું જોઈએ.




**કોઇપણ જીવ-અજીવની એક Energy-ora હોય છે, જેના નિર્માણ માટે તૈજસ મેટર ઉપયોગી છે, તે Bodyના Temperature તથા પાચનશક્તિને Maintain પણ રાખે છે.**

## ૪) તૈજસ પુદ્ગલ :-

- આહારક પુદ્ગલથી વધુ ગીચ અને સૂક્ષ્મ પુદ્ગલોનો સમુહ
- શરીરનું એક નિશ્ચિત તાપમાન ટકાવનારું તત્ત્વ = **તૈજસ પુદ્ગલો..**
- ખોરાકના પાચનમાં સહાયક થનારું તત્ત્વ= **તૈજસ પુદ્ગલો..**
- તૈજસ પુદ્ગલોના સમુહથી તૈયાર થતું તૈજસ શરીર જે અનાદિકાળથી (નિગોદથી) જીવ સાથે જોડાયેલું હોય છે તે છેક નિર્વાણ સુધી જોડાયેલું રહે છે.
- આજે જેને ઓરા-એનર્જીનું નામ અપાય છે તેમાં પણ આ પુદ્ગલો સહાયક બને છે..
- આજે ઓરાના-આભામંડળના **photo** લેતા મશીન વિકસ્યા છે તેનાથી તૈજસ પુદ્ગલો પરોક્ષ રીતે પ્રત્યક્ષ બન્યા છે.
- દરેક વિચારો- વર્તનથી ઊભા થતાં આભામંડળની અસરો અનેક જીવો સુધી / લાંબા કાળ સુધી પહોંચે છે.
- શીતલેશ્યા- તેજોલેશ્યા માટે પણ આ પુદ્ગલો ઉપયોગી છે.
- કેટલાક વિદ્વાનોના મતે આભા મંડળ એનર્જીનો સમાવેશ ઔદારિક પુદ્ગલોમાં પણ થાય છે. બહુશ્રુતો પાસેથી આનો નિર્ણય કરવો.




**સંવેદનાને સ્વર દ્વારા વ્યક્ત કરવામાં ઉપયોગી બનનાર મેટર એટલે ભાષા પુદ્ગલ**
**સ્પષ્ટ અને અસ્પષ્ટ સ્વર બંને ભાષા મેટરના વિકસિત અને અવિકસિત સ્વરૂપ છે,**

### ૫) ભાષા પુદ્ગલઃ-

- તૈજસ કરતા વધુ સૂક્ષ્મ આ પુદ્ગલો છે..
- અવધિજ્ઞાન દ્વારા જીવને તથાસ્વભાવથી સૌ પ્રથમ તૈજસ - ભાષા ના પુદ્ગલોની વચ્ચેની **Range**ના પુદ્ગલો જણાય છે.
- આ પુદ્ગલો શ્રોત્રેન્દ્રિયથી જણાય છે. સ્પષ્ટ-અસ્પષ્ટ ભાષાથી વ્યક્ત થતો ધ્વનિ ભાષાવર્ગણાના પુદ્ગલોમાંથી પેદા થાય છે.. ભિન્ન - ભિન્ન ઉચ્ચાર જેવા કે અ,બ,ક, **A,B,C** વગેરેની અંદર રહેલી કંઈક સામ્યતાને કારણે મશીન દ્વારા એક ભાષાનું બીજી ભાષામાં **Conversion** શક્ય છે.. જે પૂર્વકાળમાં પ્રભુના અતિશયથી સમવસરણમાં થતું હતું..
- હાલ માત્ર મનુષ્યની ભાષામાં કન્વર્ઝન શક્ય છે, પ્રભુના અતિશયથી તિર્યંચો અને દેવની ભાષામાં પણ કન્વર્ઝન થતુ હતુ. આ ઉપરાંત ભાષાના પુદ્ગલોને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડી શકાય છે માટે જ **mobile** વગેરેની શોધ થઈ છે.
- લખાતા અક્ષરની જનની ઔદારિક પુદ્ગલો છે, સંભળાતા-બોલાતા અક્ષરની જનની ભાષા વર્ગણાના પુદ્ગલો છે. મશીન દ્વારા ધ્વનિના તરંગો આજે પણ પકડી શકાય છે, સંગ્રહી શકાય છે.

  **ઉદા. heartbits, recording**




**કોઈપણ દેહને ટકાવવા માટે, પ્રત્યેક અવયવોની શુદ્ધિ અને પુષ્ટિ માટે આવશ્યક શ્વસનતંત્રને જરૂરી પ્રાણવાયુ પૂરૂં પાડવાનું કામ શ્વાસોશ્વાસ મેટર કરે છે.**

### ૬) શ્વાસોચ્છ્વાસ પુદ્ગલોઃ-

- ભાષા કરતા વધુ સૂક્ષ્મ, કાર્યથી પ્રત્યક્ષ — રૂપથી અપ્રત્યક્ષ આ પુદ્ગલો છે..
- શ્વાસોચ્છ્વાસ માટે જીવો આ પુદ્ગલોનો ઉપયોગ કરે છે.
- શ્વસનક્રિયા દ્વારા જીવને પ્રાણવાયુ પૂરો પાડવાનું કાર્ય આ પુદ્ગલો કરે છે..
- શ્વાસોચ્છ્વાસના પુદ્ગલો દ્વારા ભિન્ન-ભિન્ન જીવો પોતાને જરૂરી પ્રાણવાયુને ગ્રહણ કરી શરીરના છેવાડાના અંગ સુધી પહોંચાડે છે.. (જેની મદદથી જ **Blood Circulation** વગેરે પણ થાય છે..)
- દુનિયામાં પ્રાણવાયુ તરીકે પ્રસિદ્ધ ઓક્સિજન ઔદારિક વર્ગણાના પુદગલથી બને છે તે પણ શ્વસનક્રિયામાં ઉપયોગી છે પણ મુખ્યત્વે શ્વાસોચ્છ્વાસના મેટર જે અતિ સૂક્ષ્મ છે - ચક્ષુથી / સ્પર્શથી અગમ્ય છે છતાં તેની પર જ શ્વસન ક્રિયા નિર્ભર છે તેવું શ્રી **ભગવતીસૂત્ર**માં જણાવ્યું છે.
- ઘ્રાણેન્દ્રિય જેને નથી તેવા જીવો પણ સ્પર્શનેન્દ્રિય દ્વારા પ્રાણવાયુનું ગ્રહણ અવશ્ય કરે છે..
- એકેન્દ્રિયમાં રહેલા અપર્યાપ્ત જીવો આહાર - શરીર - ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરી નવા ભવનું આયુષ્ય બાંધી મૃત્યુ પામે તો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન થઇ હોવાથી શ્વસનક્રિયાનો અભાવ સંભવે છે..
- શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ તમામ જીવોને સતત શ્વસનક્રિયા ચાલે છે માટે શ્વાસોચ્છ્વાસ પુદ્ગલો એમાં ઉપયોગી બને છે.

મનોમેટર










**પ્રત્યેક સારા-નરસા વિચારોની Positive તથા Negative અસરો છે. તે વિચારની પ્રક્રિયામાં આવશ્યક મેટર મનોવર્ગણાના પુદ્‌ગલો તરીકે ઓળખાય છે. દેખાતા ન હોવા છતાં તેની અસરો સ્પષ્ટ જણાય છે માટે જ આ મેટરનો સ્વીકાર વિજ્ઞાન પણ કરે છે.**

**૭) મનોવર્ગણાના પુદ્‌ગલો:-**

- શ્વાસોચ્છ્‌વાસ કરતા વધુ સૂક્ષ્મ તથા વધુ શક્તિશાળી પુદ્‌ગલો.
- વિચારો દ્વારા આત્માના શુભ-અશુભ અધ્યવસાયોને રજુ કરવામાં સહાયક પુદ્‌ગલો.. સંજ્ઞી જીવ જ આત્માના શુભ-અશુભ અધ્યવસાયોને મનોવર્ગણાના પુદ્‌ગલના ઉપયોગથી સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકે છે.
- વિચારોની અસરથી જીવ રોગી-નિરોગી, હતાશ-ઉત્સાહી, સુખી-દુઃખી બની શકે છે.
- ચાઈના - જાપાનના પ્રયોગોમાં **અશુભ વિચારો વખતે મનમાં કાળા Count પેદા થાય છે.**
  **શુભ વિચારો વખતે મનમાં ધોળા Count પેદા થાય છે.**

  આ જિનશાસનના લેશ્યાના જ્ઞાનને સમર્થન છે.અત્રે ધ્યાનમાં રહે કે દ્રવ્યલેશ્યાના પુદ્‌ગલો ઔદારિક પુદ્‌ગલના હોય છે.
- વિચારો સંસ્કારને આધીન છે. સંસ્કાર આત્મામાં છે માટે આત્માની શુદ્ધિથી મનની શુદ્ધિ-તનશુદ્ધિ થાય છે.
- આધુનિક વિજ્ઞાન **Spect** મશીન દ્વારા મનોવર્ગણાના પુદ્‌ગલોને નહીં પણ મનોવર્ગણાના પુદ્‌ગલથી **Or** વિચારોથી મગજમાં થતા ફેરફારોને નોંધી શકે છે.



**આ વિશ્વના સૂત્રધાર તથા સંચાલક તરીકેનો રોલ ભજવનાર મેટર એટલે કાર્મણ પુદ્ગલ, આ મેટર જીવ પર પ્રભાવ પાડી જીવને ભૌતિક સુખ-દુઃખનો અનુભવ કરાવે છે માટે આ મેટરનું જ્ઞાન ખૂબ જરૂરી છે.**

## ૮) કાર્મણ પુદ્ગલોઃ-

- સૌથી સૂક્ષ્મ અને પાવરફુલ પુદ્ગલો.
- આ પુદ્ગલો જીવની મલિનતાને લીધે જીવ સાથે ચોંટી જાય છે અને કર્મનું સ્વરૂપ લે છે.
- આ એક પ્રકારનું **Programming** છે જેનાથી જીવ સુખ - દુઃખ વગેરે પ્રાપ્ત કરે છે..
- આ કર્મ જે રીતના પ્રોગામીંગથી આત્મામાં ચોંટ્યા છે તેનો પ્રભાવ શરુ થતા જીવને તે-તે પ્રકારના નિશ્ચિત વિચારો - વર્તનમાં ખેંચી જાય છે અને નવા કર્મોનું પ્રોગામીંગ વધુ **Speed** થી કરાવે છે. આ કર્મથી સંસાર ઊભો થાય છે - સ્વજનો, સામગ્રી, રૂપ, શક્તિ વગેરે ચીજોની પ્રાપ્તિ પણ કર્મના **Programming** મુજબ મળે છે..

- આ કર્મ જીવને કેવી વાણી (ભાષા પુદ્ગલો), કેવું શરીર (ઔદારિક પુદ્ગલો), કેવા વિચારો (મનો પુદ્ગલો), કેવી ઓરા (તૈજસ પુદ્ગલો) વગેરે મળશે તે નક્કી કરે છે અને બધા જ પ્રકારના પુદ્ગલોનું સર્જન, સંચાલન, સંરક્ષણ, વિસર્જન કરવામાં ઉપયોગી બને છે.
- આ કાર્મણ પુદ્ગલો જે આત્મા સાથે ચોંટે છે તેને **કાર્મણ શરીર = કર્મ** કહે છે તે અનાદિ નિગોદથી અનંતકાળ સુધી (મોક્ષની પ્રાપ્તિ સુધી) સાથે રહે છે.
- જેમ કર્મની અન્ય પુદ્ગલો પર અસર છે તેમ બીજા પુદ્ગલોની પણ કર્મ પર અસર છે માટે જ પુરુષાર્થ - સાધના-આરાધના દ્વારા કર્મ પુદ્ગલોથી મુક્તિ શક્ય છે...

  **ઉ.દા.-** Crocin ક્રોસીન ગોળી લીધી (ઔદારિક પુદ્ગલો) અને અશાતા વેદનીય કર્મ પાછું ઠેલાયું or નાશ પામ્યું વગેરે..
- આમ આ પુદ્ગલો, તેના કાર્યો અને જીવ પર તેનો પ્રભાવ સર્વવિદિત છે. પ્રશ્ન થાય કે જીવ અરુપી છે - પુદ્ગલ રૂપી છે તો બંનેનો સંયોગ કેમ થયો?
- જીવ કર્મથી બંધાય છે તે વાત બરાબર, પણ કર્મ જીવને ચોંટે છે તેનું કારણ શું? જીવ ક્યાં ચૂક્યો કે ભૂલ કરી તો તે સતત કર્મ બાંધી દુઃખી થાય છે?
- અનંત ગુણયુક્ત જીવ શા માટે કર્મથી બંધાય છે?

  **યાદ રહે...** Artificial Intelligenc થી Robbot નિર્જીવ હોવા છતાં Programmingથી એનું સર્જન થાય છે અને તે જ રોબોટ પોતાના સર્જકને પણ પ્રભાવિત કરી શકે છે. તેમ મોહયુક્ત જીવે જે પ્રોગ્રામીંગ કર્યું છે તેનાથી કર્મ નામના રોબોટનું સર્જન કર્યું છે, તે જીવના વીર્યથી તૈયાર થયા હોવાથી જીવને પણ પ્રભાવિત કરે છે. આ કર્મનું સર્જન કરનારા જીવનું મલિન વીર્ય શું તે જાણવા જુઓ Session 2.

# SESSION-2




મિથ્યાત્વ

અવિરતિ

કષાય

યોગથી
યુક્ત જીવન

**અનાદિ કાળથી ચાર મલિનતાથી યુક્ત જીવને કાર્મણના Matter ચોંટીને કર્મોમાં Convert થાય છે.**

## ૧) કર્મબંધના કારણોની સમજૂતિ

- માટી અને સોનુ અનાદિકાળથી ભેગા જ હોય છે. પથ્થર મૂર્તિનું Raw-material છે અને બન્ને ભેગા જ હોય છે. તેવી જ રીતે અશુદ્ધ આત્મા તથા નિર્મળતા એટલે શુદ્ધ આત્મા અનાદિકાળથી ભેગા જ છે.
- આંસું આંખમાં ઉત્પન્ન થાય છે, બહારથી આવતા નથી તેમ આત્મામાં અનાદિકાળથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ સ્વરૂપી મલિનતા છે તે બહારથી આવી નથી.
- મિથ્યાત્વ વગેરે આત્મામાં જ ઉત્પન્ન થાય છે માટે તે બહારથી આવ્યા નથી પણ અનાદિકાળથી છે જ..
- **મિથ્યાત્વ+** = મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ = દલદલ જેવો જીવ
- **અવિરતિ+** = અવિરતિ, કષાય, યોગ = કાદવ જેવો જીવ
- **કષાય+** = કષાય, યોગ = ભીની માટી જેવો જીવ
- **યોગ** = મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ = રેતી જેવો જીવ

- **મિથ્યાત્વ =** ૫ ભેદ
- **અવિરતિ =** ૬ અવ્રત, ૫ ઈન્દ્રિય, મન ૫ર અનિયંત્રણ =૧૨ ભેદ
- **કષાય =** ૪ ભેદ
- **યોગ =** ૧૫ ભેદ = મનના - ૪, વચનના-૪, કાયયોગ - ૭
- **મન-વચનના યોગના ભેદ =**

  સત્ય મનોયોગ, અસત્ય મનોયોગ, સત્યાસત્ય મનોયોગ, અસત્ય-અમૃષા મનોયોગ,
  સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ, સત્યાસત્ય વચનયોગ, અસત્ય-અમૃષા વચનયોગ
- **કાયયોગઃ**

  ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર, કાર્મણ યોગ - ૭ ભેદ
- **ગરમીથી દલદલ - કાદવ-ભીનીમાટી - રેતીનું સ્વરૂપાંતર થાય તેમ, સાધનાની ગરમીથી જીવ પણ મિથ્યાત્વ+, અવિરતિ+, કષાય+, યોગથી મુક્ત બની નિરંજન નિરાકાર બની પૂર્ણ બને છે.**
- દલદલમાંથી કાદવ, ભીનીમાટી, રેતી જેવો જીવ બને એટલે કર્મબંધ મંદ-મંદતર-મંદતમ થતો જાય...







**મિથ્યાત્વ, અવિરતિ તથા કષાયથી રહિત તથા માત્ર મન-વચન-કાયાની પ્રવૃત્તિવાળા જીવો રેતીથી ભરેલા ગ્લાસ જેવા હોઈ ઈર્યાપથિકી કર્મબંધ થાય છે.**

**૨) માત્ર યોગ= મન-વચન-કાયાની શુભ-અશુભપ્રવૃત્તિ**

મિથ્યાત્વ, કષાય, અવિરતિથી રહિત માત્ર યોગ= મન-વચન-કાયાથી શુભાશુભ પ્રવૃત્તિ...

- આવી પ્રવૃત્તિ ૧૧,૧૨,૧૩ મે ગુણસ્થાનકે હોય છે...
- મહદંશે કેવળજ્ઞાન મળે = ૧૩ મે ગુણસ્થાનકે માત્ર યોગથી થતો કર્મબંધ છે...
- આને ઈર્યાપથિકી કર્મબંધ કહે = ૧ લે સમયે બંધાય - ૨ જે સમયે ભોગવાય -૩ જે સમયે ખરી પડે **જેવી રીતે રેતીમાં પડતી વસ્તુ તરત જ શુદ્ધ થઈ જાય -જુદી પડી જાય, છુટ્ટી પડી જાય તેમ રેતી જેવા ચીકાશરહિત બનેલા આત્મા સાથે કર્મ જોડાય અને તરત ભોગવાઈ છુટ્ટા પડી જાય છે...**

**ઉદા. ૧) પુષ્પચૂલા સાધ્વીજી -**

આર્ણિકાપુત્ર આચાર્યની સેવામાં-(કાયયોગની પ્રવૃત્તિ) કેવળજ્ઞાન-વરસાદમાં ગોચરી ઠપકો-અચિત્ત જળમાં ગોચરી - આચાર્ય દ્વારા કેવલીની માફી.. વ્યવહારથી અશુદ્ધ પણ નિશ્ચયથી શુદ્ધ આચરણ માટે કર્મબંધ નહીં...

- આ ભૂમિકા **૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાનક માટે જ છે.**
- આમ અત્યંત નિર્મળ (મિથ્યાત્વાદિથી રહિત) આત્માનો કારણ વિશેષે વ્યવહાર સ્હેજ જુદો પડે, બાકી તેઓ પણ સદાકાળ શુદ્ધ ધર્માચારને પાળે જ.
- **ઉદા. ૨) તીર્થંકર પરમાત્માની ધર્મદેશના**

(વચનયોગની પ્રવૃત્તિ) ૧ લે સમયે કર્મબંધ (પુણ્યકર્મ) શાતાવેદનીય બંધાય - ૨ જે સમયે ભોગવાય - ૩ જે સમયે ખરી પડે...

- **ઉદા. ૩) અવધિજ્ઞાની - અનુત્તરવાસી દેવોના સંશય નિવારવા કેવળજ્ઞાની દ્વારા અપાતો ઉત્તર**

(મનોયોગની પ્રવૃત્તિ) ૧ લે સમયે કર્મબંધ (પુણ્યકર્મ) શાતાવેદનીય બંધાય - ૨ જે સમયે ભોગવાય - ૩ જે સમયે ખરી પડે.






**ક્રોધ વગેરે કષાયના પરિણામોથી રસાયેલા મન-વચન-કાયાની પ્રવૃત્તિથી એટલે કષાય + યોગ યુક્ત જીવો ભીની માટીથી ભરેલા ગ્લાસ જેવા હોઈ થોડો વધુ કર્મબંધ કરે છે.**

### ૩) ભીની માટી જેવો જીવ

- મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં **કષાયો ભળે એટલે જીવ ભીની માટી જેવો થાય છે** અને થોડા દીર્ઘ પાપ કર્મો બંધાય છે. મહદંશે આવા જીવો ૬-૭-૮-૯-૧૦ ગુણસ્થાનકે હોઈ સંજવલન કષાયયુક્ત સર્વવિરતિ ગુણસ્થાનકે હોય છે...
- કષાયો ૧૦મા ગુણસ્થાનકે નાશ પામે છે માટે ત્યાં સુધી **તમામ જીવોમાં ક્રોધાદિ દોષો ઓછા-વત્તા અંશે રહે છે.**
- આમ ૧૦મા ગુણસ્થાનક સુધીના જીવોમાં કષાયોનો ઉદય, ક્ષયોપશમ રહી શકે છે- ક્ષય ૧૦માં ગુણસ્થાનકના અંતે થાય છે..
- **ક્રોધ : અપ્રીતિ, અરુચિ...**
- **માન : સ્વોત્કર્ષ, પર-અપકર્ષ...**
- **માયા : અંદર જુદુ- બહાર જુદુ...**
- **લોભ : નવું ભેગું કરવાની ઈચ્છા, જૂનું સાચવવાની ચિંતા એટલે ગમતાની આસક્તિ...**
- અત્રે ગુણસ્થાનકમાં ઉત્કૃષ્ટથી જીવ **સંખ્યાતા સાગરોપમોની** ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે...

## અવિરતિ યુક્ત કષાય તથા યોગજન્ય કર્મબંધ




**ક્યારેક અટકવું = To Stop એટલે વિરતિ... તેનો અભાવ એટલે અવિરતિથી યુક્ત (એટલે કે અવિરતિ +કષાય + યોગથી યુક્ત) જીવો કાદવનું પ્રતિનિધિત્વ કરતા હોઈ ગાઢ કર્મ બંધાય છે....**

૪) **કાદવ જેવો જીવ**

**યોગમાં કષાયોની સાથે અવિરતિ પણ ભળે એટલે જીવ કાદવ જેવો થાય છે...**

- ૪-૫માં ગુણસ્થાનકે અવિરતિ પણ રહેલી છે એટલે જીવ કાદવ જેવો થાય છે... પ્રત્યાખ્યાનીય તથા અપ્રત્યાખ્યાનીય કષાયો પણ હોવાથી વધુ તીવ્ર - દીર્ઘ કર્મ બંધાય છે.
- **અવિરતિ એટલે પાપત્યાગના પચ્ચક્ખાણનો અભાવ...**
- **અવિરતિ એટલે કરણ-કરાવણ વગર પણ અનુમતિના પાપનો સ્વીકાર...**
- **અવિરતિ= ૬ પ્રકારના જીવનિકાયની હિંસા (જયણાનો અભાવ)**
  **૫ ઇન્દ્રિય-મનથી થતા પાપો,** કુલ ૧૨ ભેદ...
- આ ગુણસ્થાનકે જીવો ઉત્કૃષ્ટથી **અંતઃકોડાકોડી સાગરોપમની** સ્થિતિ બાંધે છે.




**૧) અહિતમાં હિતની, હિતમાં અહિતની... ૨) દુ:ખમાં સુખની, સુખમાં દુ:ખની...**
**૩) અકલ્યાણકરમાં કલ્યાણકરની, કલ્યાણકરમાં અકલ્યાણકરની બુદ્ધિ તે મિથ્યાત્વ...**
**દલદલનો પ્રતિનિધિ જેવો આ જીવ અતિગાઢ કર્મ બાંધે છે. માત્ર ખરાબી ગમે અને અત્યંત ગમે એ આભિગ્રહિક મિથ્યાત્વ... ખરાબી સાથે સારપ પણ ગમે એ અનાભિગ્રહિક મિથ્યાત્વ....**

### ૫) દલદલ જેવો જીવ

**મિથ્યાત્વ + = કષાયો, અવિરતિ, યોગમાં મિથ્યાત્વનું ભળવું...**

- અતિ તીવ્ર કર્મબંધ થાય, અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વની હાજરીથી જીવ દલદલ જેવો થાય..
- આવા જીવો પહેલે -બીજે ગુણસ્થાનકે હોય છે.
- પહેલે ગુણસ્થાનકે રહેલા જીવનો યોગ સારો હોય તો પણ મિથ્યાત્વ રહેલું હોવાથી કર્મો પ્રમાણમાં ગાઢ બંધાય છે અને જો યોગ ખરાબ હોય તો અતિગાઢ કર્મો બંધાય..
- આ ગુણસ્થાનકે રહેલો જીવ ઉત્કૃષ્ટથી 70 કોડોકોડી સાગરોપમ સુધીના કર્મો બાંધે છે.
- મિથ્યાત્વના 5 પ્રકાર છે:

  **૧) આભિગ્રહિક :** ખોટા સ્થાનમાં છે-ખોટી પકડ છે.

  **ઉદા.** નાસ્તિકવાદી, બૌદ્ધ, સાંખ્ય, આતંકવાદી, પોતાના તીવ્ર દોષોને justify કરનારા જીવો...

  **૨) અનાભિગ્રહિક :** ખોટા સ્થાનમાં છે, પણ ખોટાની પકડ નથી

  **ઉદા.** સુદેવાદિને પણ નમન કરતો અન્યધર્મનો શ્રદ્ધાળુ..




**સાચી વાતનો દુરાગ્રહ તે આભિનિવેશિક, એકાદ તત્ત્વ પરની શંકા તે સાંશયિક તથા નિગોદ વગેરે એકેન્દ્રિય જીવોને without Intence થતું અનાભોગિક મિથ્યાત્વ...**

### ૩) મિથ્યાત્વના શેષ પ્રકારો

- **આભિનિવેશિક: સારા સ્થાનમાં છે.. ખોટાની પક્કડ છે..**

  **ઉદા.** જમાલી, ગોષ્ઠામાહિલ વગેરે નિહ્નવો, શિવભૂતિ વગેરે એકાંતવાદીઓ...

૪) **સાંશયિક:** કોઈક-કોઈક જિનવચનમાં સંશય-આવું હોઈ શકે?

**ઉદા.** આત્મા છે કે નહિ ? પુણ્ય-પાપ વગેરે છે કે નહીં ? સ્વર્ગ-નરક-પરલોક છે કે નહીં ? વગેરે સંશયવાળા જીવો...

૫) **અનાભોગિક :** સંસ્કારોને કારણે સાહજિક રીતે ખોટી સંસ્કારધારા ચાલે તે...

**ઉદા.** નિગોદ વગેરેના જીવોને...

# SESSION-3




## અનંત સુખમય/ગુણમય જીવના પૂર્ણ સ્વરૂપને ઢાંકતા કર્મો અને ચાલુ રહેતી દુ:ખની/દોષોની પરંપરા સ્વરૂપ સંસાર...

### ૧) અનંત સુખમય/ગુણમય જીવઃ-

- જીવનું સ્વરૂપ છે સચ્ચિદાનંદ એટલે કે સત્ + ચિદ્ + આનંદ સ્વરૂપ છે..
- સત્ = અસ્તિત્વ, ચિદ્ = જ્ઞાન- **Emotion** , આનંદ = નિર્મળ શાશ્વત સુખ..
- આવો પૂર્ણ ચૈતન્ય સ્વરૂપવાળો - સુખ સ્વરૂપવાળો જીવ અનાદિકાળથી મિથ્યાત્વથી યુક્ત છે માટે જ કર્મથી યુક્ત બને છે અને પૂર્ણસ્વરૂપથી (સુખસ્વરૂપથી) ભ્રષ્ટ થઇ ભૌતિક સુખના ટુકડા માટે પદાર્થો પાસે ભીખ માંગે છે..
- આ કર્મની ગુલામીથી મુક્ત થવું હોય તો
  - **(a)** પૂર્ણસ્વરૂપ જેને પ્રાપ્ત થઇ ગયું છે તેવા અરિહંત કે સિદ્ધપરમાત્માના અનંત સુખ / ગુણમય આત્માનું આલંબન તથા
  - **(b)** કર્મોના આવરણથી ઢંકાયેલા પોતાના અનંત સુખ / ગુણમય જીવાત્માનું આલંબન લેવું જોઈએ. માટે પૂર્ણાત્માના સ્વરૂપનું જીવજ્ઞાન જરૂરી છે.

જીવ-

**(a) અનંત જ્ઞાન/દર્શનમય=અરિસા જેવો જીવ..**

નાના પણ અરિસાના બોલમાં વિરાટ હોલનું પ્રતિબિંબ એક સાથે પડી શકે છે તેમ અનંતજ્ઞાન / દર્શનમય આત્મામાં 3 લોક- 3 કાળનું જ્ઞાન એક સાથે reflect થાય છે..

**(b) અનંત વીર્ય (શક્તિ)મય જીવ=ચંદ્રકાંતમણિ જેવો જીવ**

જેમ ચંદ્રકાંતમણિની હાજરી દૂર રહેલી આગને ઠારી દે છે.. એના પ્રભાવમાત્રથી સાહજિક રીતે અમુક મર્યાદામાં રહેલી આગ ઠરી જાય છે, તેમ અનંતવીર્ય નામનો ગુણ સાહજિક રીતે તમામ દ્રવ્યો પર પોતાનો પ્રભાવ પાથરી શકે, લોકને અલોકમાં, આકાશને પુદ્ગલમાં, પુદ્ગલને જીવમાં, જીવને પુદ્ગલ બનાવવાની શક્તિ.. અરે! કર્માધીન જીવને સિદ્ધના જીવમાં convert કરવાની વગેરે ધારે તે કાર્ય કરવાની શક્તિ ધરાવે છે.

**(C) પૂર્ણ વીતરાગતામય જીવ=સ્ફટિકરત્ન જેવો જીવ**

જેમ સ્ફટિક નિર્મળ છે માટે જ કિંમતી છે - અમૂલ્ય છે, તેમ અનંતવીતરાગતા ગુણયુક્ત આત્મા સ્વાભાવિક નિર્મળ અને અમૂલ્ય છે. આત્માનું સ્વરૂપ જ પૂર્ણ - શુદ્ધ - ઉત્તમ છે.. આત્માથી જીવને નિર્મળ પવિત્રતા અને પ્રસન્નતાની સતત અનુભૂતિ થાય છે..

**(d) અવ્યાબાધ સુખમય જીવ=શીતળ જળ જેવો જીવ**

જળ નિર્મળ છે, સ્વાદુ છે, શીતળ છે.. જળની આ Quality સ્વાભાવિક છે.. તેમ આત્મા પણ અનંત સુખમય છે.. આ સુખ જીવનો સ્વભાવ છે.. જીવ નિર્મળ સુખની યોનિ છે.. પાણીમાં સ્વાદુપણું અને શીતળતા In-built છે તેમ શુદ્ધતામાં અવ્યાબાધ સુખ In-built છે..

**(e) અરૂપીપણું - અક્ષયસ્થિતિમય જીવ = આકાશ જેવો મુક્ત જીવ-**

અરૂપી છે, અછેદી,અભેદી, અમૂર્ત છે તેમ જીવ પણ અરૂપી - અમૂર્ત હોવાથી બધા જ બંધનોથી મુક્ત બને છે. અનાદિકાલિન થી અનંતકાલીન છે. ક્યારેય નાશ પામતો નથી.






**ભિન્ન-ભિન્ન ગુણોને ઢાંકી ગુણમય, શુભમય, સુખમય જીવને દોષમય, મલીનતામય, દુઃખમય બનાવનારા વિવિધ કર્મો...**

## ૨) પ્રકૃતિબંધ- Nature Of Karma :-

- અનંતગુણમય/સુખમય આત્માને મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ= પોતાના મલિન અધ્યવસાયથી કર્મ બંધાય.
- કર્મબંધ વખતે કર્મની પ્રકૃતિ **(Nature Of Karma)** નક્કી થાય.
- આત્માના ૮ મુખ્યગુણોને ઢાંકવા ૮ પ્રકારના સ્વભાવવાળું કર્મ મલિન આત્માએ શુભ આત્મામાં **Install** કર્યું.

| ગુણ | કર્મ | ભેદ | કાર્ય |
|---|---|---|---|
| અનંત જ્ઞાન | જ્ઞાનાવરણ | ૫ | ૩લોક-૩કાળની તમામ ઘટનાને એક સાથે જણાવનારા જ્ઞાનગુણને ઢાંકે. |
| અનંત દર્શન | દર્શનાવરણ | ૯ | ૩ લોક- ૩ કાળની તમામ ઘટનાને એક સાથે દેખાડનારા દર્શનગુણને ઢાંકે. |
| અનંત વીર્ય | અંતરાય | ૫ | અનંત શક્તિ-લબ્ધિઓને ઢાંકે. |
| અનંતવીતરાગતા | મોહનીય | ૨૬ | સાચા-ખોટાના વિવેકને ઢાંકે. |
| અરૂપીપણું | નામ | ૬૭ | અમૂર્ત/મુક્ત આત્માને શરીર વગેરેની ગુલામીમાં fit કરે. |
| અગુરુલઘુ | ગોત્ર | ૨ | સમાન જીવોને અસમાન (ઉચ્ચ-નીચ)વિભાગમાં વહેંચે. |
| અક્ષયસ્થિતિ | આયુષ્ય | ૪ | નિશ્ચિતકાળ એક ભવમાં બાંધી દે. |
| અવ્યાબાધ સુખ | વેદનીય | ૨ | ભૌતિક સુખ-દુઃખનો અનુભવ કરાવે. |




**દરેક વસ્તુની/વ્યકિતની જેમ Expirydate હોય છે**
**તેમ દરેક કર્મોની Expiry date ને સૂચિત કરતી વ્યવસ્થા એટલે કર્મોનો સ્થિતિબંધ.**

### ૩) **સ્થિતિબંધ**-Time Period of Karma

- આત્મા સાથે ચોંટતું કર્મ કેટલો સમય આત્મા સાથે જોડાયેલું રહે તે સ્થિતિબંધ. કર્મ બંધાય ત્યારે જ સ્થિતિબંધ નક્કી થાય છે.

  **ઉદા.** સામાયિક કરવાથી ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમ કાળનું (સ્થિતિનું) પુણ્યકર્મ બંધાયું.

- પલ્યોપમ - સાગરોપમ માહિતિ :- ૧યોજન = લગભગ ૧૩ k.m. લાંબો પહોળો - ઊંડો ખાડો - ૭ દિવસના યુગલિક બાળકના માથાના વાળના ટુકડાથી છલોછલ ભરવો. તેની ઉપરથી ચક્રવર્તીનું સૈન્ય પસાર થાય તો પણ વાળ ન દેખાય તેવા છલોછલ ખાડામાંથી દર ૧૦૦ વર્ષે ટુકડો કાઢતા આખો ખાડો ખાલી થાય તે એક પલ્યોપમ. ૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.

| ક્રમ | કર્મનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણ | અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| ૨. | દર્શનાવરણ | અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| ૩. | અંતરાય | અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| ૪. | મોહનીય | અંતર્મુહૂર્ત | ૭૦ કોડાકોડી સાગરોપમ |
| ૫. | નામ | ૮ મુહૂર્ત | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ૬. | ગોત્ર | ૮ મુહૂર્ત | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ૭. | વેદનીય | ૧૨ મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| ૮. | આયુષ્ય | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ |

- ૧ મુહૂર્ત = ૪૮ મિનીટ, અંતર્મુહૂર્ત = ૨ સમયથી ૪૮ મિનીટમાં ૧ સમય ઓછો. મોહાધીન / કર્માધીન જીવ કાચી સેકંડમાં ઉપરોક્ત કર્મબંધ કરી શકે છે માટે સાવધાન.
- **કષાયો વધે** તેમ પુણ્ય કે પાપકર્મની **સ્થિતિ વધે, કષાયો ઘટે** તેમ પુણ્ય/પાપકર્મની **સ્થિતિ ઘટે**-કારણ કે કર્મની સ્થિતિ સંસાર વધારે તેથી પુણ્ય/પાપ બન્નેની સ્થિતિ સંસાર વધારનારી સોનાની-લોખંડની બેડી જેવી હોવાથી ખરાબ જ કહેવાય.



## રસબંધ- Power of Karma




**તે-તે કર્મો આત્મા પર કઈ અસર (પ્રકૃતિ બંધ), કેટલા સમય માટે (સ્થિતિબંધ) તથા કેટલા Power forceથી અને કેટલી તીવ્રતાથી આપશે તે આ રસબંધ દ્વારા નક્કી થાય છે.**

### ૪) **રસબંધ-** Power of Karma

- લેશ્યાજન્ય કષાયના પરિણામથી રસબંધ નક્કી થાય છે.
- તાવ આવવો તે અશાતાવેદનીય = **પ્રકૃતિ બંધ**
- તાવ ૫ દિવસ આવવો તે **સ્થિતિ બંધ**, પણ તાવ એક ડીગ્રી, બે ડીગ્રી, પાંચ ડીગ્રી આવવો તે **રસબંધ.**
- કર્મ ક્યું બંધાશે (પ્રકૃતિબંધ), કેટલા સમયનું બંધાશે (સ્થિતિ બંધ) પણ કર્મ કેવું બંધાશે તે **રસબંધ**, કેન્સરની બિમારી તે અશાતા વેદનીય (પ્રકૃતિબંધ) પણ કયું stage તે **રસબંધ.**
- **કષાય વધે, પુણ્ય કર્મનો રસ ઘટે / પાપકર્મનો રસ વધે.કષાય ઘટે, પુણ્યકર્મનો રસ વધે/પાપકર્મનો રસ ઘટે.**
- **ઉદા. સંગમ.** કષાયના ઘટાડાથી એટલે અહોભાવપૂર્વકના ખીરના દાનથી તીવ્ર રસનું પુણ્યકર્મ બાંધ્યું તેથી માનવના ભવમાં દેવનું સુખ પામ્યા.




**કાર્મણ પુદ્ગલોનો નિયત જથ્થો જીવ ગ્રહણ કરે છે,**
**તે ગ્રહણ કરાતા જથ્થાને પ્રદેશબંધ કહે છે.**

## ૫) પ્રદેશબંધઃ- quantity of karma

- કર્મ કયું=**પ્રકૃતિ બંધ,** કેટલા સમયનું = **સ્થિતિ બંધ,** કેવું = **રસબંધ** અને કેટલું = **પ્રદેશ બંધ..**
- કાર્મણ પુદ્ગલનો કેટલો જથ્થો કર્મ તરીકેconvert થયો તે પ્રદેશ બંધ..
- પ્રદેશ બંધ યોગ (મન/વચન/કાયાની શુભ/અશુભપ્રવૃત્તિ) વધે તો વધે, ઘટે તો ઘટે.
- મન-વચન-કાયાની અલ્પપ્રવૃત્તિ = ચમચી તુલ્ય યોગ
- મન-વચન-કાયાની મધ્યમપ્રવૃત્તિ = ગ્લાસ તુલ્ય યોગ
- મન-વચન-કાયાની બહુપ્રવૃત્તિ = ડોલ તુલ્ય યોગ
- મન-વચન-કાયાની અતિબહુપ્રવૃત્તિ = બાષ્પીભવન તુલ્ય યોગ, આમ ક્રમશઃ યોગ વધે છે તેમ પ્રદેશ બંધ વધે છે.
- સાકરનો લાડવો કફ કરે, મેથીનો લાડવો વાયુ હરે, બુંદીનો પિત્ત હરે - **પ્રકૃતિ બંધ**
- સાકરનો લાડવો લાંબો સમય ટકે, મેથીનો મધ્યમ સમય, બુંદીનો અલ્પ સમય - **સ્થિતિ બંધ**
- બુંદીનું ગળપણ અલ્પ, સાકરનું વધું - **રસ બંધ**
- કોઈક લાડવો નાનો, મધ્યમ, મોટા કદનો - **પ્રદેશ બંધ**

# SESSION-4

**કુલ સાધિક ૩૦ KKSના સમાયગાળામાં 30KKSના કર્મ ગોઠવાય**

**(A)**

**સેન્ડવીચ જેવો બંધ**




**કુલ ૯૦ KKSના સમાયગાળામાં કર્મ ગોઠવાય**

**(B)**

**સાંકળ જેવો બંધ**




**કર્મના બંધની Pattern સાંકળબંધ = એક સ્થિતિ પછી બીજી સ્થિતિ નહિ પણ સેન્ડવીચ બંધ = એક સ્થિતિની ઉપર (ભળીને) બીજી સ્થિતિ રહે છે...**

## ૧) બંધની Pattern - સેન્ડવીચબંધ કે સાંકળબંધ (કાલ્પનિક ઉદાહરણ મુજબ)

- મિથ્યાત્વ + એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગથી યુક્ત જીવ સતત કર્મ બાંધે છે.
- સતત બંધાતા કર્મો આત્મામાં Store થાય તેને સત્તા કહે..
- **સાંકળબંધ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ =** ૯૦ કોડાકોડી સાગરોપમની છે. સળંગ ૩ વાર ૩૦ કો.કો.સા. ની સ્થિતિ બંધાય, ૩૦ + ૩૦ + ૩૦=૯૦ કો.કો.સા.સ્થિતિ સત્તામાં સ્ટોર થાય. આમ, ૧ પછી ૧ સ્થિતિ સાંકળની જેમ ગોઠવાય. **કર્મની સ્થિતિ એક-બીજાની ઉપર એટલે એક બીજામાં ભળીને રહે તે સેન્ડવીચ બંધ**
  **ઉ.દા.** ૩૦ કો.કો.સા. + ૩૦ કો.કો.સા.+ ૩૦ કો.કો.સા. = ૩૦ કો.કો.સાગરોપમ, એટલે ૩૦ કો.કો.સા. સમયમાં ૯૦ કો.કો.સા. સમયમાં ભોગવાતા કર્મો ભળીને રહે છે. આમ, સેન્ડવીચ બંધ કર્મની ઉ.સ્થિતિ ૩૦ કો.કો.સા. છે.
- **મતલબ રસની, પ્રદેશની વૃદ્ધિ થાય પણ સ્થિતિની વૃદ્ધિ ન જ થાય.** આમ, અમુક નિશ્ચિત સમયે આત્મામાં ૧, ૨, ૩, સંખ્યાતી, અસંખ્યાતી કર્મબંધની સ્થિતિઓ ભેગી થયેલી મળે છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, વેદનીયની કર્મબંધની સંખ્યાતી સ્થિતિઓ ભેગી થાય તો પણ ૩૦ કો.કો.સા.માં સમાઈ જાય.
- નામ, ગોત્રમાં ૨૦ કો.કો.સા., મોહનીયમાં ૭૦ કો.કો.સા.ની સ્થિતિ જ આત્મામાં ઉત્કૃષ્ટથી રહી શકે.




**ભિન્ન ભિન્ન સમયમાં બંધાયેલા કર્મો ભેગા મળીને સાથે ઉદયમાં આવી શકે છે,**
**જેવી રીતે અલગ-અલગ layerમાં રહેલી સેન્ડવીચ એક જ Biteમાં સાથે વપરાય છે.**

## ૨) ઉદયસેંડવીચઃ-

- કર્મબંધમાં બંધ સેન્ડવીચની પેટર્ન અનુસરે, તેમ ઉદયમાં પણ સેન્ડવીચની પ્રક્રિયાથી ઉદય થાય..
- અલગ-અલગ layerમાં રહેલું ભોજનદ્રવ્ય એક Biteમાં સાથે વપરાય તેમ અલગ અલગ સમયમાં બંધાયેલા અશાતાવેદનીય, અંતરાય, ઉચ્ચગોત્ર વગેરે કર્મો સાથે ભોગવાય...
- **(કાલ્પનિક) ઉદાહરણ તરીકે**

તા.૧/૬ના X વ્યક્તિએ પૂજા કરી, શાતાવેદનીય ૬ દિવસનું બાંધ્યું, જે ૨ પાવરના રસનું હતું,

હવે ૨/૬ના X વ્યક્તિએ પૂજા કરી, શાતાવેદનીય ૭ દિવસનું બાંધ્યું, જે ૩ પાવરના રસનું હતું.

૩/૬ ના X વ્યક્તિએ પૂજા કરી, શાતાવેદનીય ૪ દિવસનું બાંધ્યું જે ૪ પાવરના રસનું હતું. દરેક કર્મો બંધાયાના બીજા જ દિવસથી ઉદયમાં આવે છે.

- **Result**

| ઉદય તારીખ | ૧/૬ | ૨/૬ | ૩/૬ | ૪/૬ | ૫/૬ | ૬/૬ | ૭/૬ | ૮/૬ | ૯/૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદયમાં સ્થિતિગ્રુપ | - | a | a+b | a+b+c | a+b+c | a+b+c | a+b+c | b | b |
| ઉદયમાં રસ | - | ૨ પાવર | ૨+૩ પાવર | ૨+૩+૪ પાવર | ૨+૩+૪ પાવર | ૨+૩+૪ પાવર | ૨+૩+૪ પાવર | ૩ પાવર | ૩ પાવર |
| ઉદયમાં પ્રદેશ | - | ૨ પાવર ના પ્રદેશો | ૨+૩ પાવર વાળા પ્રદેશો | ૨+૩+૪ પાવર વાળા પ્રદેશો | ૨+૩+૪ પાવર વાળા પ્રદેશો | ૨+૩+૪ પાવર વાળા પ્રદેશો | ૨+૩+૪ પાવર વાળા પ્રદેશો | ૩ પાવર વાળા પ્રદેશો | ૩ પાવર વાળા પ્રદેશો |






**મિથ્યાત્વ એટલે દલદલ જેવા જીવને બંધાતા કર્મો, ૮ મૂળ વિભાગમાં તથા ૧૨૦ ઉત્તર વિભાગમાં વહેંચાતા કર્મો Store થાય જેને સત્તા કહેવાય.**

### ૩) આત્મામાં કર્મોનું Storage = સત્તા

- પ્રત્યેક સમયે બંધાતા કર્મો આત્મામાં Storage થાય તે સત્તા.
- ભિન્ન - ભિન્ન સમયે જે કર્મો બંધાય છે,તે તમામ મૂળભેદે ૮,ઉત્તરભેદે - ૧૨૦(૧૫૮)પ્રકૃતિમાં વહેંચાય છે અને **Storage** થાય છે.
- આયુષ્ય કર્મ ૧ વાર બંધાય, ૭ કર્મો પ્રત્યેક સમયે બંધાય.

  **પ્રચલિત માન્યતા:-**

  **હિંસા કરી -** અશાતા વેદનીય કર્મ બાંધ્યું, **જ્ઞાન બાળ્યું :-** જ્ઞાનાવરણ કર્મ બાંધ્યું
- **શાસ્ત્રીય માન્યતા:-**

  **હિંસા કરી -** આયુષ્ય બંધાય તો ૮, બાકી ૭ કર્મો બાંધ્યા તેમાં મુખ્યત્વે અશાતાને બાંધ્યું.

  **જ્ઞાન બાળ્યું :-** આયુષ્ય બંધાય તો ૮, બાકી ૭ કર્મો બાંધ્યા તેમાં મુખ્યત્વે જ્ઞાનાવરણ બાંધ્યું.
- જેમ સરોવરમાં પથ્થર પડે-વમળ ચારેબાજુ ફેલાય,

  તેમ અશુભ / શુભ અધ્યવસાયના વમળ ચારેબાજુ ફેલાય માટે બધા કર્મો બંધાય / ભેગા થાય વગેરે...

  **ઉદા.** ફટાકડા ફોડવાથી ૮ કર્મો બંધાય છે.




**જેમ અલગ-અલગ નળનું પાણી ભેગું થઇ એક નળમાંથી બહાર નીકળે છે તેમ જ સત્તામાં રહેલા ભિન્ન ભિન્ન કર્મો ભેગા થઈ સાથે ઉદય પામે છે.**

**૪) ઉદયનળ:-**

- **જેમ ભિન્ન - ભિન્ન નળનું પાણી ભેગું થઈ છેલ્લે એક જ નળમાંથી પસાર થાય.**
- **incoming ના ૧૨૦ દરવાજા છે outgoing નો ૧ જ દરવાજો છે.**
- **અલગ-અલગ તાર ભેગા થઇ એક દોરી બને .. તેમ અલગ-અલગ સમયે બંધાયેલા અલગ-અલગ કર્મો ઉદય ક્ષણમાં ભેગા થઇ એક સાથે ઉદયમાં અનુભવમાં આવે છે.**

**ઉદા. :- વર્તમાન ક્ષણમાં બાળકને**

| | | | |
|---|---|---|---|
| **a.** | ૧૧×૧૧=૧૨૧, આવડતું નથી | = | જ્ઞાનાવરણ કર્મ, |
| **b.** | ચશ્મા હોવાથી બરાબર દેખાતું નથી | = | દર્શનાવરણ કર્મ, |
| **c.** | તાવ આવી રહ્યો છે. | = | અશાતા વેદનીય કર્મ, |
| **d.** | સતત ચોકલેટ ખાવાની ઈચ્છારૂપી લોભ છે | = | મોહનીય કર્મ, |
| **E.** | ખાનદાન કુળમાં જન્મ્યો છે | = | ઉચ્ચગોત્ર કર્મ, |
| **f.** | મનુષ્યભવમાં-સુંદર શરીર,આકર્ષક વ્યક્તિત્વ છે | = | નામકર્મ, |
| **g.** | નિશ્ચિત આયુષ્ય વર્તમાન સમયે ભોગવે છે | = | આયુષ્ય કર્મ, |
| **h.** | તાવને લીધે અશક્તિ છે | = | અંતરાય કર્મ. |

આમ, ૮ કર્મોનું (૧૨૦ પેટા કર્મોનું) પાણી ૧ નળમાંથી નીકળી ઉદયક્ષણે પસાર થાય છે (અનુભવાય છે)




**પ્રત્યેક કર્મોના અલગ-અલગ પેટા વિભાગો છે. કાલ્પનિક રીતે Storage થતું (સત્તામાં) રહેલું કર્મરૂપી જળ અલગ અલગ નળ દ્વારા ક્યારેક વારાફરતી તો ક્યારેક સાથે ઉદયમાં આવે છે.**

### ૫) પેટાવિભાગયુક્ત કર્મો :-

- દરેક કર્મોના પેટાવિભાગો છે. જેમકે જ્ઞાનાવરણના-૫, વેદનીયના-૨, દર્શનાવરણના-૯ વગેરે..
- આ પેટા વિભાગની કર્મપ્રકૃતિ ક્યારેક સાથે (અપરાવર્તમાન), ક્યારેક વારાફરતી (પરાવર્તમાન) ઉદયમાં આવે છે.
- નિશ્ચિત ગુણસ્થાનકે નિશ્ચિત પ્રકૃતિઓનો બંધ/ઉદય/સત્તા હોય છે.
- આ અંગેની ઘણી વિશેષતાઓ કર્મવિજ્ઞાન stage-૨/૩માં જાણવા મળશે.
- આવી પદ્ધતિથી બંધાતા ૮ કર્મો અને તેની ૧૨૦ ઉત્તર પ્રકૃતિની રોચક માહિતી Next Session માં જોઈશું.

# SESSION-5




**આત્માના ગુણોને મૂળથી હણે તે સંપૂર્ણપણ નષ્ટ કરે તે સર્વઘાતિ કર્મ, આત્માના ગુણોને સામાન્યથી હણે તે દેશઘાતિ કર્મ, આત્માના ગુણોને ના હણે પણ આત્માના પૂર્ણસ્વરૂપનો-અનંત સુખના અનુભવમાં બાધ કરે તો અઘાતિકર્મ.**

- **કર્મના મુખ્ય બે વિભાગ છે.** ૧. ઘાતિ કર્મ, ૨. અઘાતિ કર્મ.
  **ઘાતિકર્મના પણ બે વિભાગ છે.** - ૧. સર્વઘાતિકર્મ, ૨. દેશઘાતિકર્મ.
- આત્માના ગુણોનો ઘાત કરવાનું કામ કર્મ કરે છે.
- સર્વઘાતિકર્મ સમૂલ ગુણોનો ઘાત/નાશ કરે છે.
  **ઉદા.** કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, મિથ્યાત્વ મોહનીય, પ્રથમ ૧૩ કષાયો, ૫ નિદ્રા એમ કુલ ૨૦
- પોતાના દ્વારા નાશ કરવા યોગ્ય ગુણો અલ્પપણે અથવા અંશાત્મક દૃષ્ટિથી હણે તે દેશઘાતિ.
  **ઉદા.** જ્ઞાનાવરણના શેષ ૪ ભેદ, દર્શનાવરણના શેષ-૩ ભેદ, અંતરાયના ૫ ભેદ, મોહનીયના શેષ ૧૩ ભેદ એમ કુલ ૨૫
- આત્માના ગુણોનો પૂર્ણપણે અનુભવ કરવામાં બાધક અઘાતિ કર્મ. તેના ૭૫ પેટા વિભાગ છે.
- ઘાતિકર્મ - ૪૫ (પાપપ્રકૃતિ છે.)
  અઘાતિકર્મ - ૭૫ (પુણ્યપ્રકૃતિ - પાપ પ્રકૃતિ બન્નેનો **Total** સરવાળો છે.)




**૩ લોક- ૩ કાળના સર્વે પદાર્થોને જાણવા (અનંતજ્ઞાન), જોવા (અનંતદર્શન)ની લબ્ધિવાળા શુદ્ધ જીવને ૫ તથા ૯ ભેદથી ઢાંકતા જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મ**

- કાલ્પનિક દૃષ્ટિથી અરિસાના દડા જેવો આત્મા છે. જેમ અરિસાના દડામાં રૂમની તમામ સામગ્રી એક સાથે પ્રતિબિંબિત થાય તેમ જીવમાં ૩ લોકનું, ૩ કાળનું અથવા સર્વકાળનું - સર્વદ્રવ્યનું - સર્વ પર્યાયનું જ્ઞાન એક સાથે પ્રતિબિંબિત થાય છે. જીવના આ અનંતજ્ઞાન-અનંતદર્શન ગુણને ઢાંકે તે જ્ઞાનાવરણકર્મ-દર્શનાવરણ કર્મ.
- જીવને થતા વિશેષ બોધને ઢાંકે તે જ્ઞાનાવરણ કર્મ. તેના ૫ પેટા વિભાગ છે. એક સર્વઘાતિ **(Sk),** ૪-દેશઘાતિ **(Dk)** છે. જ્ઞાનાવરણ કર્મ આંખે પાટા બાંધવા જેવું છે. પાટો બાંધવાથી આંખનું સામર્થ્ય હોય તેવી વસ્તુ પણ જણાતી નથી તેમ જ્ઞાનાવરણકર્મથી આત્માનું સામર્થ્ય હોવા છતાં વસ્તુનો બોધ થતો નથી.
- દર્શન એટલે સામાન્ય બોધ, તેને ઢાંકે તે દર્શનાવરણ કર્મ - તે દ્વારપાળ જેવું છે.
  તેના ૯ પેટા વિભાગ છે ૩-દેશઘાતિ **(Dk)** છે, ૬-સર્વઘાતિ **(Sk)** છે.

## કેવળજ્ઞાન/દર્શનાવરણ-મનઃપર્યવજ્ઞાનાવરણ



(કેવળજ્ઞાન-દર્શન)



(કેવળજ્ઞાનાવરણ-દર્શનાવરણ)

SK



(મનઃપર્યવજ્ઞાનાવરણ) DK

### કેવળજ્ઞાનનો મૂળથી નાશ કરનારું કેવળજ્ઞાનાવરણ / દર્શનાવરણ કર્મ તથા અઢી દ્વીપના સંજ્ઞિપંચેન્દ્રિયના મનના વિચારો જાણવાની ક્ષમાતાને ઢાંકતું મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મ

- અરિસા તુલ્ય આત્મામાં લોક-અલોક સર્વક્ષેત્રનું,સર્વકાળનું,સર્વભાવનું પ્રતિબિંબ એકી સાથે ઝીલાય તે કેવળદર્શન-કેવળજ્ઞાન...
- અરિસા પર પડદો નાખતા પ્રતિબિંબ ઝીલાતું નથી. કેવળદર્શનાવરણ-કેવળજ્ઞાનાવરણ કર્મનો પડદો જીવ પર આવતા જીવ કશું જોઈ/જાણી શકતો નથી.
- પુદ્ગલોની ૮ વર્ગણાઓમાંથી મનોવર્ગણાના મન(વિચાર)સ્વરૂપે પરિણમેલા પુદ્ગલોને ગ્રહણ કરે તે મનઃપર્યવજ્ઞાન...

  માત્ર ૨ ૧/૨ દ્વિપના સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય-તિર્યંચના મનના વિચારો જાણે તે મનઃપર્યવજ્ઞાન.
- આ જ્ઞાન માત્ર અપ્રમત્ત ગુણસ્થાનકે સ્થિત સંયમીને જ ઉત્પન્ન થાય છે.
- તીર્થંકર પરમાત્મા દીક્ષા લે, **"કરેમિ સામાઇયં"** નું ઉચ્ચારણ કરે અને તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.
- બીજાના મનના ભાવોને જાણવાની ઉત્સુકતા શાંત થાય પછી મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.
- આ જ્ઞાનના ૨ ભેદ છે. ૧. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન, ૨. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન... આ ગુણને ઢાંકે તે મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મ....




## નિયત મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જોઈ-જાણી શકનારા અવધિ દર્શન/જ્ઞાન નામના આત્માના ગુણને હણનાર અવધિ દર્શનાવરણ/જ્ઞાનાવરણ કર્મ

- (અવધિજ્ઞાન-અવધિદર્શન) આ બે ગુણનું કાર્યક્ષેત્ર વ્યાપક છે અને નિર્મળતા વધે તો ઊંડું પણ છે... મનઃપર્યવજ્ઞાનનું કાર્યક્ષેત્ર માત્ર મનોવર્ગણાને કેન્દ્રમાં રાખી ઊંડું છે...
- અવધિદર્શન/જ્ઞાન - જનરલ ફીજીશયન, મનઃપર્યવજ્ઞાન - સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર
- જઘન્યથી અવધિજ્ઞાની (અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રમાં રહેલા) ભાષા-તૈજસ વર્ગણાના પુદ્ગલોના અપાંતરાલમાં રહેલા પુદ્ગલોના આવલિકાના અસંખ્યાતમાં ભાગ સુધીના પર્યાયોને જાણે છે..

  ઉત્કૃષ્ટથી અવધિજ્ઞાની લોક-અલોક (અલોકમાં લોક પ્રમાણ અસંખ્ય ખંડ હોય તો તે) માં રહેલા સર્વ પુદ્ગલોના અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીના કાળ પ્રમાણ પર્યાયોને જાણે છે.
- આ જ્ઞાનના મુખ્યત્વે ૬ ભેદ છે. ૧. અનુગામી અવધિજ્ઞાન, ૨. અનનુગામી અવધિજ્ઞાન, ૩. વર્ધમાન અવધિજ્ઞાન, ૪. હીયમાન અવધિજ્ઞાન, ૫. પ્રતિપાતિ અવધિજ્ઞાન, ૬. અપ્રતિપાતિ અવધિજ્ઞાન.

# નિદ્રા પંચક ભાગ-૧



૧) નિદ્રા : સૂતા માણસને કોઈક જગાડે છે



૨) નિદ્રા નિદ્રા : અતિ મુશ્કેલીથી ઊંઘ દૂર થાય



૩) પ્રચલા : બેઠા બેઠા કે ઊભા ઊભા ઊંઘે તે

## જીવની પૂર્ણ જાગૃતિને ઢાંકનારી નિદ્રાના વિવિધ ભેદો

- દર્શનાવરણ કર્મના ઉદયથી વિવિધ પ્રકારની નિદ્રાનો ઉદય થાય છે.
- ક્રમશઃ આ બધાની તીવ્રતા વધુ હોય છે.
- નિદ્રા (ઊંઘ)માં માણસ જ્ઞાનથી-વિવેકથી-જાગૃતિથી રહિત બને છે માટે ગાઢકર્મ બંધ થાય છે.
- પરમાત્મા મહાવીરદેવનો ૧૨.૫ વર્ષના સાધનાકાળ દરમ્યાન માત્ર ૪૮ મિનિટનો પ્રમાદકાળ (ઉંઘનો ઉદય) હતો જ્યારે તંદુલવૈચારિક સૂત્ર કહે છે કે સામાન્ય માણસના જીવનનો ૫૦% સમય પ્રમાદમાં = ઉંઘમાં જાય છે.

# નિદ્રા પંચક ભાગ-૨



પ્રચલા પ્રચલા : ચાલતા ચાલતા સૂતો વ્યક્તિ



થિણદ્ધિ :
ઉંઘતો માણસ અને
ઉંઘમાં પશુને મારે છે.

## આત્માને મૂર્છિત કરી દેનારી તીવ્રકષાયના ઉદયથી પત્ની તુલ્ય વિવિધ નિદ્રાઓ

- અતિતીવ્ર કષાયના ઉદય માટે અતિતીવ્ર ઉંઘનો ઉદય જોઈએ છીએ.
  થીણદ્ધી નિદ્રામાં અતિતીવ્ર કષાયો ઉદયમાં આવે છે અને દિવસના વિચારેલું અયોગ્ય પાપ રાત્રિમાં ઊંઘની અંદર જ કરી લેવાય છે.
  **ઉદા.** સાધુ-જંગલમાં હાથી-રાત્રે હાથી સાથે યુદ્ધ-હાથીદાંત ઉપાશ્રયમાં-થીણદ્ધિના ઉદયથી ચારિત્રમાંથી ગુરુએ દૂર કર્યા.
- આવા સાધુને દીક્ષા ન અપાય. આપી હોય તો સંસારમાં પાછો મોકલવો પડે.
- ૧લા સંઘયણવાળાનું બળ વાસુદેવથી અડધુ અને ૬ઠ્ઠા સંઘયણવાળાનું બળ પોતાના બળથી ૨ ગણું થાય છે.

# મતિજ્ઞાનાવરણ PART - 1




**પાંચ ઈન્દ્રિયો તથા મન દ્વારા રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ ગ્રહણ કરી વિચારો દ્વારા આત્માને જ્ઞાન પહોંચાડવું તે મતિજ્ઞાન. તે ઢાંકનારું કર્મ તે મતિજ્ઞાનાવરણ કર્મ.**

- ૫-ઈન્દ્રિય તથા મનના પદાર્થ સાથેના જોડાણથી થતો બોધ તે મતિજ્ઞાન.
- મતિજ્ઞાનના બે ભેદ છે :- **૧. શ્રુતનિશ્રિત** મતિજ્ઞાન, **૨. અશ્રુતનિશ્રિત** મતિજ્ઞાન.
- **શ્રુતનિશ્રિત મતિજ્ઞાન** - શ્રુત પરિકર્મિત (ભાવિત) બુદ્ધિવાળા જીવને શાસ્ત્રના અર્થને વિચાર્યા વિના સહજ રીતે ઉત્પન્ન થતું જ્ઞાન તે. તેના **૩૩૬** ભેદ છે.
- **અવગ્રહ-૧. વ્યંજનાવગ્રહ :-** ઈન્દ્રિય અને પદાર્થના સંનિકર્ષ (જોડાણ) થી થતો અવ્યક્તબોધ.

  **૨. અર્થાવગ્રહ :-** ''આ કંઈક છે'' તેવો અવ્યક્ત બોધ...

- **ઇહા :-** પદાર્થના સત્ય બોધની નજીક લઈ જતો ઉહાપોહ (આ શું હશે ?)
- **અપાય :-** પદાર્થનો નિર્ણયાત્મક થતો બોધ...
- **ધારણા :-** નિર્ણયાત્મક બોધની સ્મૃતિ સ્વરૂપી સ્થિરતા...
- આમ, પ્રાથમિક અવ્યક્તબોધ (અવગ્રહ), સત્યની સન્મુખાત્મક બોધ (ઈહા), નિર્ણયાત્મક બોધ (અપાય), સ્મૃતિઆત્મક બોધ (ધારણા) એ મતિજ્ઞાનના પેટા વિભાગ છે.
- ચક્ષુ, મન x ૪ (અર્થાવગ્રહાદિ ૪) + શેષ ૪ ઈન્દ્રિય x ૫ (વ્યંજનાવગ્રહાદિ ૫) = ૨૮ ભેદ થાય.
- બહુ-અબહુ, બહુવિધ-અબહુવિધ, ક્ષિપ્ર-અક્ષિપ્ર, સંદિગ્ધ-અસંદિગ્ધ, નિશ્રિત-અનિશ્રિત, ધ્રુવ-અધ્રુવ એમ ૧૨ ભેદ સાથે ૨૮ ભેદને ગુણતા ૩૩૬ ભેદ થાય...
- આમ તે-તે ભેદને ઢાંકનારું શ્રુતનિશ્રિત મતિજ્ઞાનાવરણ કર્મ પણ ૩૩૬ ભેદ વાળું થાય.



## મતિજ્ઞાનાવરણ PART - 2













### Grasping, Logic , Decision, Memory **વગેરે મતિજ્ઞાન સ્વરૂપ છે.**

- Grasping = દેખીને, વાંચીને, સાંભળીને પ્રથમ વખત શીખવાની ભૂમિકા...
- Logic = પોતાના ઈષ્ટ બોધને તાર્કિક દૃષ્ટિથી રજૂ કરવાની શક્તિ...
- Decision = અનિર્ણયાત્મકતા છોડી ઠોસ નિર્ણય કરવાની શક્તિ...
- Memory = કોઈ પણ પ્રકારના જ્ઞાનને (બોધને) સ્મૃતિમાં સાચવી રાખવાની શક્તિ...
- જો આ બધા શ્રુતની ભાવિતતા પૂર્વક હોય તો શ્રુતનિશ્રિત મતિજ્ઞાનમાં સમાય,
  શ્રુતના અનુસંધાનરહિત હોય તો અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનમાં સમાય,
  પણ જો શ્રુતના આધારે કે અનુસંધાનથી હોય તો શ્રુતજ્ઞાનમાં સમાય...

# મતિજ્ઞાનાવરણ PART - 4




**સંસારમાં ડગલે ને પગલે ઉપયોગમાં આવતી ભિન્ન-ભિન્ન કળાઓ તથા શક્તિઓ....**

## મતિ-શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મળતી શક્તિઓ

- ચિત્રમાં દોરેલ તથા આ ઉપરાંત અન્ય અનેક કળાઓ મતિ-શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થતી હતી.
- શાસ્ત્રમાં પુરુષની ૭૨, સ્ત્રીની ૬૪ કળાનું વર્ણન છે, તે પણ મતિ-શ્રુતજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ છે.

## જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મોનો ઉદય




**મતિ-શ્રુત જ્ઞાનાવરણ તથા ચક્ષુ-અચક્ષુ દર્શનાવરણ કર્મોના ઉદયના વિવિધ પાસાઓ, જો આનાથી બચવું છે તો આવા કર્મ બંધાય નહિ તેના માટે જાગૃત બનવું જોઈએ.**

### જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મના વિપાકો

- જીવન જીવવા જરૂરી આવશ્યક શક્તિઓ, જેવીકે જોવું, ચાલવું, બોલવું, વિચારવું, સાંભળવું વગેરે માટે યોગ્ય બાહ્ય ઉપકરણ ન મળવા અથવા નબળા મળવા, ઉપરોક્ત તમામ માટેની અભ્યંતર શક્તિઓ જ ન મળવી અથવા નબળી મળવી...
- કોઇ નિશ્ચિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને કેન્દ્રમાં રાખીને અથવા સ્વતંત્ર રીતે આ કર્મો ઉદયમાં આવીને જીવને હેરાન કરે છે અને આખી જીતની બાજીને કાયમી હારમાં કન્વર્ટ કરે છે. માટે સાવધાન !

**ઉદા.** પરીક્ષામાં જ ભુલવું, ઈન્ટરવ્યૂમાં જ નબળું પરફોર્મન્સ, ફાઇનલ યુદ્ધમાં જ કર્ણનું વિદ્યાને ભૂલી જવું વગેરે...

# જ્ઞાનાવરણ -દર્શનાવરણ કર્મો બાંધવાના કારણો




**આવા અનેક કારણોથી જ્ઞાનાવરણ -દર્શનાવરણ કર્મો બંધાય છે અને જીવ દુઃખી થાય છે.**

## કર્મ બંધના વિવિધ કારણો

- જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનો (દર્શન-દર્શની, દર્શનના સાધનો) પ્રત્યે ઉપેક્ષા, અનાદર, અપ્રીતિ, આશાતના...
- વિદ્યાગુરુ (જ્ઞાનદાતા ગુરુ)નો અનાદર, મશ્કરી, તોછડાઈભર્યું વર્તન.
- જ્ઞાનપ્રાપ્તિમાં બેકાળજી (પુરુષાર્થનો અભાવ)
- પાપત્યાગની અવિરતિ(પ્રતિજ્ઞાનો અભાવ)...
- ઈન્દ્રિયો (કાન, જીભ, આંખ)નો-મનનો ખરાબ ઉપયોગ...

# જ્ઞાનાવરણ -દર્શનાવરણ કર્મો બાંધવાના કારણો




**વિનય વગેરે ઉપાયો દ્વારા જ્ઞાનાવરણ / દર્શનાવરપણ કર્મો નષ્ટ થાય છે.**

## કર્મનિર્જરાના ઉપાયો

- જ્ઞાન-જ્ઞાનીનું બહુમાન, વિનય સાચવવા, એમને મદદ કરવી-ભક્તિ કરવી.
- સરસ્વતી દેવીની ઉપાસના, જ્ઞાનની ઉપાસના કરવી.
- નવું ભણવાનો - જૂનું પુનરાવર્તન કરવાનો પુરુષાર્થ કરવો.
- પુસ્તકો-આગમો-ગ્રંથો ભણવા-ભણાવવા, ભણનારા માટે પગાર વગેરે દ્રવ્યોની (સ્કૂલ ફી ડ્રેસ, પુસ્તકો વગેરેની) વ્યવસ્થા કરવી.
- નૂતન ગ્રંથોનું લેખન કરવું-કરાવવું, ગ્રંથો-ગ્રંથભંડારોની કાળજી રાખવી...
- જ્ઞાનની આરાધના (ખમાસમણ-નવકારવાળી-કાઉસગ્ગ વગેરે) નિયમિત કરવી.
- જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મ બંધાવનારી પ્રવૃત્તિ સદંતર બંધ કરવી...
- પુસ્તક-પસ્તી વેચવી, વેચાણની રકમનો સંસારમાં ઉપયોગ કરવો...

# SESSION-6










**ચંદ્રકાંતમણિની જેમ અનંતશક્તિ ધરાવનારા જીવની શક્તિ-લબ્ધિને ઢાંકનારા પાંચ પ્રકારના અંતરાય કર્મો...**

## અંતરાય કર્મ

- જીવ અનંતશક્તિનો સ્વામી છે, જેમ નિયત અંતરે રહેલી આગને ચંદ્રકાંતમણિ દૂર બેઠા પોતાના અસ્તિત્વ માત્રથી ઠારી દે છે તેમ લોકને અલોકમાં, અલોકને લોકમાં, જીવને અજીવમાં, અજીવને જીવમાં Convert કરવાની જે તાકાત આત્મામાં છે, આત્મામાં જે અનંતુવીર્ય (શક્તિ) છે, તેને ઢાંકવાનું કામ કરે તે અંતરાયકર્મ.
- જેમ તિજોરીમાં ઘણો માલ હોવા છતાં લોક કરી દેવાય તો માલ વાપરી નથી શકાતો તેમ આત્મામાં અનંતી શક્તિ હોવા છતા આ કર્મ તેને ઢાંકી દે છે, લોક કરી દે છે માટે જીવ પોતાની જ શક્તિ-લબ્ધિનો ઉપયોગ કરી શકતો નથી.
- આ કર્મના ૫ પેટા વિભાગ છે. પાંચે કર્મો દેશઘાતી છે.




**અનંત લબ્ધિયુક્ત જીવને દાન આપવું છે યાચક નથી મળતો,**
**કા.કે. દાનાંતરાયકર્મ નડે છે, અને છેક સુધી આવેલો કોળીયો છીનવાય છે**
**કા.કે. લાભાંતરાય કર્મ નડે છે.**

## દાનાંતરાય/લાભાંતરાય કર્મ

- આ કર્મના ઉદયથી દાતાને દાન લેનાર કોઈ મળતું નથી. લેનારને જરૂરિયાત ન હોવાથી આપવાની ભાવના પૂરી થતી નથી તેનું કારણ આ કર્મ છે.
- આ કર્મના ઉદયથી લેનારને જરૂર છે પણ આપનાર વ્યક્તિ હોતી નથી, વ્યક્તિ હાજર હોય, તેની આપવાની ઈચ્છા હોય તો વસ્તુ **Available** નથી હોતી તેથી તેને લાભ નથી થતો. જોબ જોઈએ છે, સામગ્રી જોઈએ છે પણ નથી મળતી કારણ લાભાંતરાય કર્મનો ઉદય છે...




## સમાગ્રી હાથવગી છતાં ભોગવી ના શકે તેનું કારણ.
## ભોગાંતરાય-ઉપભોગાંતરાય

### ભોગાંતરાય/ઉપભોગાંતરાય કર્મ

- સામગ્રી ન મળવી તે લાભાંતરાય, મળ્યા છતાં ભોગવી ન શકવી તે ભોગાંતરાય-ઉપભોગાંતરાય કર્મ.
- Single Time useવાળી સામગ્રી ભોગ સામગ્રી કહેવાય.
- Long time useવાળી સામગ્રી ઉપભોગ સામગ્રી કહેવાય.
- મિષ્ટ ભોજનની રુચિ છે, ભોજન હાજર છે છતાં ડાયાબિટીસ રોગ છે માટે મિષ્ટ ભોજન વાપરી નથી શકાતું, આ છે ભોગાંતરાય કર્મ.

  ગાડી-મોબાઈલ વગેરે સામગ્રી નવા મોડલની છે, વાપરવાની ઈચ્છા-આવશ્યકતા પણ છે પણ અચાનક લેણદાર સામે દેખાય છે અને સામગ્રી ન વાપરવી તે ઉપભોગાંતરાય કર્મ...




**બીજાને ભોજન-પાણી, સમાગ્રીમાં વિઘ્ન કરવો,**
**સંતાનોથી વિખુટા પાડવા વગેરેથી અંતરાયકર્મ બંધાય છે.**

## કર્મબંધના કારણો

- જિનપૂજામાં, જિનવાણી શ્રવણમાં કે અન્ય કોઈ પણ ધર્મમાં કોઈને વિઘ્ન કરવો.
- પાંચ મહાવ્રતોનો ભંગ કરવો, સાધુઓને વસતિ-પાત્ર-ગોચરી આદિમાં વિઘ્ન કરવો...
- સંતાનોને મા-બાપથી વિખુટા પાડવા.
- બીજાને દાન-લાભ-ભોગ-ઉપભોગમાં અંતરાય કરવો...







## અંતરાય કર્મના તોડવાના નિયમો




**દાન, ત્યાગ, સેવા વૈયાવચ્ચ વગેરે દ્વારા અંતરાય કર્મ તુટે છે.**

### અંતરાયકર્મને તોડવાના ઉપાયો

- બીજાને અંતરાય ન કરતા મદદ કરવી.
- તૂટેલા અન્યના સંબંધોને જોડવા-પરસ્પરના મનમાંથી પૂર્વગ્રંથિઓ છોડાવવી.
- યથાશક્તિ દાન આપવું, પુરુષાર્થ કરવો, તપ કરવો, મદદ કરવી, સેવા કરવી..
- આત્માને દૂષિત કરનાર વસ્તુનો સદંતર ત્યાગ કરવો.
- બીજાને ગમતી વસ્તુનો સ્વયં ત્યાગ કરી બીજાને આપી દેવી.

# મોહનીય કર્મ










## સ્ફટિક રત્ન જેવા નિર્મલ જીવને અશુભનું આકર્ષણ / અશુભનું આચારણ તરફ પ્રેરતું મોહનીય કર્મ

**મોહનીય કર્મ :-**

- સ્ફટિક જેમ નિર્મળ હોય છે તેમ આત્મા પણ સ્વયં શુદ્ધ હોય છે. જેમ બહારની મલિનતાથી સ્ફટિકની નિર્મળતા ઢંકાય છે તેમ કર્મથી આત્માની નિર્મળતા પણ ઢંકાય છે.
- આત્મા સ્વયં અનંત ગુણમય, અનંત સુખમય, અનંત શક્તિમય, વીતરાગતા સ્વરૂપી છે પણ મોહનીય આત્માના ગુણોને ઢાંકનારું પ્રબળ કારણ છે.
- કર્મબંધના કારણો મિથ્યાત્વ-અવિરતિ-કષાય આ ત્રણ સ્વરૂપી જ મોહનીય કર્મ છે, મતલબ મોહનીય કર્મથી જ મોહનીય સહિત બાકીના બધા (૭) કર્મો પણ બંધાય છે. મોહનીય નથી તો બાકીના ૭ કર્મોનો બંધ જ નથી, મોહનીય જીવંત છે તો બાકીના ૭ કર્મોનો બંધ પણ જીવંત છે.
- દારૂપાન કરેલો સજ્જન જેમ સારા-ખરાબ, સાચા-ખોટાના વિવેકથી ભ્રષ્ટ થઇ ખોટી પ્રવૃત્તિ સાચી માનીને કરે છે તેમ મોહનીય કર્મને વશ બનેલો જીવ Clarity of Vission અને Purity of Action ને ખતમ કરી દુ:ખી બને છે.
- મોહનીય કર્મના મુખ્યત્વે દર્શનમોહનીય-ચારિત્રમોહનીય (કષાય-નોકષાય મોહનીય) એમ ૩ ભેદ પડે છે.
- દર્શન મોહનીય સર્વઘાતિ (Sk) છે.
- ચારિત્ર મોહનીય (Sk, Dk) બન્નેમય છે.




**આત્મકલ્યાણકર સુદેવ-સુગુરુ-સુધર્મ-સાચાસુખમાં કુદેવાદિની બુદ્ધિ કરાવનારું દર્શન મોહનીય કર્મ.**

### દર્શન મોહનીયનું સ્વરૂપ

- **Clarity of Vision** ને **disturb** કરનારા આ કર્મના પ્રભાવથી સાચામાં ખોટાની, ખોટામાં સાચાની, સુખમાં-દુઃખની, દુઃખમાં-સુખની, સારામાં-ખરાબની, ખરાબમાં-સારાની બુદ્ધિ થાય છે. તેને મિથ્યાત્વ-મિથ્યાદર્શન વગેરે નામથી પણ ઓળખાય છે...
- સુદેવ-સુગુરુ-સુધર્મમાં કુદેવ-કુગુરુ-કુધર્મની બુદ્ધિ થાય છે-તે મિથ્યાત્વ. જ્યારે સુદેવ-સુગુરુ-સુધર્મમાં તેવી જ બુદ્ધિ તે સમ્યક્ત્વ.
- સમ્યક્ત્વથી ભવગણતરી શરૂ થાય છે, આત્માનો મોક્ષ નિશ્ચિત થાય છે. અર્ધપુદ્ગલપરાવર્તની અવધિ માત્રમાં સંસારસીમિત થાય છે.
- મિથ્યાત્વ છે તો સંસાર છે, દુઃખની પરંપરા છે.
  સમકિત છે તો સિદ્ધિ છે, સુખની પરંપરા છે...




**અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજ્વલન પ્રકારના ક્રોધ, માન, માયા, લોભથી સંસારની કાતિલ વેદના ભોગવતા જીવો.**

## કષાયમોહનીય કર્મનું સ્વરૂપ

- કષાયોના ૪ મુખ્ય વિભાગ :- ક્રોધ, માન, માયા, લોભ...
- પ્રત્યેકના ફરી ૪ વિભાગ :- ૧. અનંતાનુબંધી, ૨. અપ્રત્યાખ્યાનીય, ૩. પ્રત્યાખ્યાનીય, ૪. સંજ્વલન.
- કષાયો કયા-કયા ગુણનો ઘાત કરે, કઈ ગતિમાં લઈ જાય, કેટલો કાળ ટકે તથા કોના જેવા હોય તે દર્શાવતો કોઠો...

| ક્રમ | કષાય | ગુણઘાત | ગતિપ્રાપ્તિ | સ્થિતિ | ક્રોધ કોના જેવો | માન કોના જેવું | માયા કોના જેવી | લોભ કોના જેવો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનંતાનુબંધી | સમ્યક્ત્વ | નારક | યાવજ્જીવ | પર્વતના વિભાગ | પત્થરનો થાંભલો | કઠણ વાંસના મૂળ | કીરમજનો રંગ |
| ૨ | અપ્રત્યાખ્યાનીય | દેશવિરતિ | તિર્યંચ | ૧વર્ષ | પૃથ્વીની ફાડ | હાડકાનો થાંભલો | ઘેટાના શીંગડા | ગાડાની મળી |
| ૩ | પ્રત્યાખ્યાનીય | સર્વવિરતિ | મનુષ્ય | ૪ માસ | રેતીમાં રેખા | કાષ્ટનો થાંભલો | ગોમૂત્ર | કાજળ |
| ૪ | સંજ્વલન | યથાખ્યાત ચરિત્ર | દેવ | ૧ પક્ષ | પાણીમાં રેખા | નેતરની સોટી | વાંસની છાલ | હળદરનો રંગ |




## હાસ્ય વગેરે નોકષાય (કષાયોનાં સહાયક)થી યુક્ત કષાયોથી પીડાતો સંસારી જીવ

### નો કષાય મોહનીયનું સ્વરૂપ

- કષાયોને સહાય કરે, ઉત્તેજિત કરે તે નોકષાય. તેના ૯ ભેદ છે.
- જીવની સાયકોલોજીને આ કર્મ પ્રકટ કરે છે...
- મનના તમામ મલિન વિચારો કષાય-નોકષાયના ઉદય સ્વરૂપે છે.
- હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ વગેરે ૯ પ્રકારના નોકષાયો છે...
- રતિ એટલે રાગની તીવ્રતા, અરતિ એટલે દ્વેષની તીવ્રતા...
- પુરુષવેદમાં સ્ત્રીને, સ્ત્રીવેદમાં પુરુષને, નપુંસકવેદમાં ઉભયને ભોગવવાની ઈચ્છા હોય છે.




**આવા અનેક કારણોથી મોહનીય કર્મ બંધાય છે,**
**મોહનીય કર્મ એટલે મિથ્યાત્વ તથા કષાયનો સરવાળો માટે તે કર્મ પણ છે,**
**૮ કર્મના બંધનું કારણ પણ છે.**

### મોહનીય કર્મબંધના કારણો

- સંસારના કારણોને મોક્ષના કારણો તરીકે દેખાડવાં, ટુંકમાં ઉન્માર્ગ દેશના અથવા ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી.
- દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્યની ઉપેક્ષા કરવી, ચોરી કરવી, બગાડ કરવો વગેરે...
- જિન, જિનપ્રતિમા, મુનિ, જિનાલય, સંઘ, જ્ઞાન વગેરેનો અવર્ણવાદ કરવો-આશાતના કરવી વગેરે...
- મશ્કરી, નિંદા, ઈર્ષ્યા, પ્રમાદ, વિષયસુખોનું સેવન, બીજાને ડરાવવા, તીવ્રકષાયોનું સેવન...




**ઉપરોક્ત અનેકવિધ આરાધનાથી મોહનીય કર્મ તૂટે છે**
**અને જીવની ઊર્ધ્વગતિ થાય છે.**

## મોહનીય કર્મની નિર્જરાના ઉપાયો

- સતત શુભ ધ્યાન-શુભ વિચાર કરવા.
- તમામ પાપોનું ગુરુ સાક્ષીએ આલોચન કરવું.
- તીર્થની-શાસનની-ધર્મની સુરક્ષા, સમૃદ્ધિ-સંવર્ધન માટે તન/મન/ધનનું અર્પણ કરવું.
- દેશવિરતિ-સર્વવિરતિ ધર્મની યથાશક્ય આરાધના કરવી...
- પાંચ મહાવ્રતનું પાલન કરવું, વિશેષતઃ બ્રહ્મચર્ય પાળવું.
- પરમાત્મા ભક્તિ, ગુરુ વૈયાવચ્ચ કરવી...

# SESSION-7

## આયુષ્યકર્મ







**શાષ્વત અસ્તિત્વના ધરાવનારા આત્માને ભિન્ન-ભિન્ન ભવમાં પકડી રાખનારું આયુષ્ય કર્મ...**

### આયષ્યકર્મનું સ્વરૂપ :-

- અનાદિ-અનંત સુધીની અવધિ = શાશ્વતકાલીન અવધિ ધરાવનારા જીવને નિયત સમય સુધી તે-તે ભવમાં (દેહમાં) બાંધવાનું કામ આયુષ્ય કર્મ કરે છે.
- તેના ચાર પ્રકાર છે. ૧. દેવઆયુષ્ય, ૨. મનુષ્ય આયુષ્ય, ૩. તિર્યંચ આયુષ્ય, ૪. નરક આયુષ્ય.
- આમાંથી દેવ, મનુષ્ય અને તિર્યંચ આયુષ્ય પુણ્યોદય સ્વરૂપ છે, નરક આયુષ્ય પાપોદય સ્વરૂપ છે.
- બધાને પોતાનું જીવન = આયુષ્ય ખૂબ ગમે છે, માટે આયુષ્યને પુણ્યપ્રકૃતિ જ ગણવી જોઈએ... પણ નારકીના જીવોને સતત કષ્ટ વેદના દુઃખને કારણે પોતાનું જીવન = આયુષ્ય બિલકુલ ગમતું નથી. સતત મરવાની ઈચ્છા હોય છે માટે નરક આયુષ્યને પાપ પ્રકૃતિ ગણી છે.
- બીજા કર્મો સતત બંધાય છે, આયુષ્ય કર્મ માત્ર ૧ ભવમાં ૧ જ વાર બંધાય છે. તે પણ પ્રાયઃ ૨/૩ ભાગને છોડી ૧/૩ ભાગમાં બંધાય છે. સુદ-વદ પક્ષની ૨,૫,૮,૧૧,૧૪, પૂનમ-અમાસના આયુષ્ય બંધની સંભાવના વધુ છે તેથી પરંપરાથી પર્વતિથિ તથા પર્વતિથિની આરાધના અખંડપણે આરાધી આત્મકલ્યાણ સાધવું જોઈએ.




**ઉપરોક્ત કારણોથી દેવ આયુષ્ય બંધાય છે.**

### દેવ-આયુષ્યબંધના કારણો

- સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ થી...
- અકામનિર્જરા, અજ્ઞાન તપ-ત્યાગ-કષ્ટ સહન કરવાથી...
- ધર્મશ્રવણ, ધર્મપાલન, શુભભાવપૂર્વક તપ કરવાથી...
- સારા મિત્રોના સંગથી, સુપાત્રદાનથી...
- મનની (વિચારોની) પવિત્રતાથી...




**ઉપરોક્ત કારણોથી મનુષ્ય આયુષ્ય બંધાય છે.**

**મનુષ્ય આયુષ્યબંધના કારણો :-**

- દાન, સહાય, પરોપકાર, વગેરેથી....
- કષાયોની અલ્પતાથી, પરિગ્રહની અલ્પતાથી, પાપોની અલ્પતાથી...
- પ્રભુપૂજા, ગુરુવંદન, સાધર્મિકભક્તિ વગેરેથી...
- સુખેથી સમજાવી શકાય તેવી સરળતાથી...




**ઉપરોક્ત કારણોથી તિર્યંચ આયુષ્ય બંધાય છે.**

## તિર્યંચ આયુષ્યબંધના કારણો

- માયા, શઠપણું, ગૂઢહૃદય વગેરેથી...
- શીલવ્રતના અતિચારોનું ગુરુસાક્ષીએ પ્રાયશ્ચિત્ત ન કરવાથી...
- મધ્યમ કક્ષાના કષાયો તથા મધ્યમ લેશ્યા (મતલબ અપ્રત્યાખ્યાનીય કષાયો યુક્ત વિચારધારાથી)...
- મધ્યમ કક્ષાના આરંભ-સમારંભ, ઉત્સૂત્ર પ્રરૂપણાથી...




## ઉપરોક્ત કારણોથી નરક આયુષ્ય બંધાય છે.

**નરક આયુષ્યબંધના કારણો :-**

- મોટા પાપવાળી, અતિહિંસક પ્રવૃત્તિઓથી...
- પંચેન્દ્રિયની હિંસા, માંસાહાર, અતિતીવ્ર પાપ પ્રવૃત્તિ અને વિચારધારાથી...
- ઈન્દ્રિયોની પરવશતા, દૃઢ વૈર, પાંચ મહાવ્રતોના ભંગથી...
- તીવ્ર જૂઠ, હિંસા, ચોરી વગેરેથી...
- દેવદ્રવ્યાદિનું ભક્ષણ-દુરુપયોગ કરવાથી...




વેદનીય કર્મ







**જીવને ભૌતિક સુખ-દુઃખનો અનુભવ કરાવી**
**આત્મિક-અધ્યાત્મિક-વાસ્તવિક સુખથી દૂર કરાવનારા વેદનીય કર્મ.**

### વેદનીય કર્મનું સ્વરૂપ

- જેમ જળ, નિર્મળની સાથે સ્વભાવથી જ શીતળ છે તેમ આત્મા (જીવ) પણ સ્વાભાવિક રીતે નિર્મળતાની સાથે અનંત સુખમય છે.. શુદ્ધ જીવ-મોહનીયકર્મથી રહિત જીવ સુખની યોનિ સ્વરૂપ છે.
- આત્મિક સુખ અને આભાસિક સુખ (ભૌતિક સુખ) બન્ને વચ્ચે ઘણો ભેદ છે. વેદનીય કર્મ શરીરને(પુદ્ગલને) સુખ-દુઃખની અનુભૂતિ કરાવે છે અને જીવને પરંપરાએ દુઃખી બનાવે છે. વેદનીયકર્મના નાશથી પેદા થતો અવ્યાબાધસુખ નામનો ગુણ જીવને સુખી બનાવે છે.
- ક્ષણિક સુખ, ભેળસેળવાલું સુખ, મલિન સુખ એટલે ભૌતિક સુખ-જે વેદનીયકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. અક્ષણિક સુખ, વિશુદ્ધ સુખ એટલે આત્મિક સુખ જે વેદનીયકર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે.
- જેમ મધથી લેપાયેલી તલવાર પહેલા મીઠાશ આપ્યા પછી જીભ કાપતી હોવાથી તીવ્ર વેદનાનો અનુભવ કરાવે છે તેમ આ કર્મ શરૂઆતમાં સામાન્ય સુખ પછી વિશેષ દુઃખ પ્રદાન કરે છે.
- જીવને ભૌતિક સુખનો અનુભવ કરાવે તે શાતાવેદનીય કર્મ.
- જીવને ભૌતિક દુઃખનો અનુભવ કરાવે તે અશાતાવેદનીય કર્મ.




**આવા અનેક કારણોથી જીવ શાતા વેદનીય કર્મ બંધાય છે.**

### શાતાવેદનીય કર્મબંધના કારણો

- માતા-પિતા, ગુરુ, શિક્ષક વગેરેની ભક્તિ...
- જીવદયાનું પાલન (ગાયને ઘાસ, કુતરાને રોટલી વગેરે)
- સુપાત્રદાન, તપ - ત્યાગ વગેરે...
- સામાયિક-૧૨ વ્રત, ૧૪ નિયમ વગેરેથી શ્રાવકધર્મનું પાલન.
- શારીરિક-માનસિક પ્રતિકૂળતાને સહન કરવી વગેરે...

## અશાતા વેદનીય કર્મ બંધના કારણો



(1) યુદ્ધ



(2) ગુરુઆજ્ઞાનો ભંગ/ગુરુ પર ક્રોધ



(3) જીવહિંસા કરવી



(4) રાત્રિભોજન તથા અળગણપાણી વાપરવું

**આવા અનેક કારણોથી જીવને અશાતા વેદનીય કર્મ બંધાય છે.**

### અશાતાવેદનીય બંધના કારણો

- જીવહિંસા કરવી, રડવું, શોક કરવો...
- કંજૂસ બનવું કે ભૌતિક સાધનોનો બેફામ ઉપયોગ કરવો...
- તીવ્ર કષાય કરવો, યુદ્ધ કરવું, બીજાને ત્રાસ આપવો...
- જૂઠ બોલવું, ચોરી કરવી, રાત્રિભોજન કરવું...
- ૧૮ પાપસ્થાનકો સેવવા...
- ગુરુની-વડીલોની અવજ્ઞા કરવી-સામું બોલવું...

# SESSION-8







## Session 8: નામ-ગોત્ર કર્મ







**સમાન સ્વરૂપ ધરાવનાર જીવને ઉચ્ચ-નીચનું લેબલ આપનારું ગોત્રકર્મ તથા અરુપી જીવને ભિન્ન-ભિન્ન આકારમાં ઢાળનારું નામ કર્મ**

### નામ-ગોત્ર કર્મની સમજૂતિ

- આકાશની જેમ અસંગ, અરૂપિ, અચલ જીવને નામ કર્મ નિશ્ચિત આકાર-શરીર વગેરેમાં ઢાળે છે, સમાન સર્વજીવો હોવા છતા જીવને ગોત્ર કર્મ ઉચ્ચ-નીચના ભેદમાં ઢાળે છે...
- સમાન શુદ્ધિ-શક્તિ ધરાવનારા જીવો કોઈપણ ભવમાં/ગતિમાં પહોંચે પણ ત્યાં ઉચ્ચ-નીચના ભેદમાં ડાયવર્ટ કરવાનું કાર્ય ઉચ્ચ-નીચગોત્ર કર્મ ક્રમશઃ કરે છે.
- જેવી રીતે સમાન માટીમાંથી અસમાન ઘડા કુંભાર નિર્મિત કરે છે તેમ સમાન જીવના વિભાગ કરવાનું કામ ગોત્રકર્મ કરે છે. બન્નેમાંથી કોઈપણ એકનો બંધ/ઉદય સતત હોય છે. આ બધી દેશઘાતિ પ્રકૃતિ છે.
- જાતિ-કુળ-સંસ્કાર-સભ્યતા-સંસ્કૃતિ બધા પર direct-indirect આ કર્મની અસર થાય છે.



1) ભણવું-ભણાવવું



3) બીજાને(સારાને) Appreciate કરવા



2) તીર્થનું શુદ્ધિકરણ



4) બીજાના દોષોની ઉપેક્ષા

ઉપરોક્ત કારણોથી ઉચ્ચગોત્ર બંધાય છે.

## ઉચ્ચગોત્ર કર્મબંધના કારણો

- પરમાત્મા પૂજા, ગુરુવંદન, અનુકંપા, જીવદયાથી...
- સ્વયં ભણવું-બીજાને ભણાવવા, ભણનારાને દેખી આનંદિત થવું, સહાયક બનવું વગેરે...
- કોઈની પણ Possitive side દેખી આનંદિત થવું, અહોભાવ (આદરભાવ) વ્યક્ત કરવો, અનુમોદના કરવી...
- કોઈની પણ Negative side દેખી સ્વસ્થ રહેવું, દોષો-દુર્વર્તન પ્રત્યે ઉદાસીન બની-પ્રેમ જીવંત રાખવો...
- જંગમ તીર્થ (સાધુ-સાધ્વી)ની વૈયાવચ્ચ કરવી, સ્થાવર તીર્થનું શુદ્ધિકરણ-ભક્તિ વગેરે કરવી...

## નીચગોત્રબંધના કારણો













**ઉપરોક્ત કારણોથી નીચગોત્ર બંધાય છે.**

### નીચગોત્ર કર્મબંધના કારણો

- જાતિ-કુળ-રુપ-ઐશ્વર્ય-શક્તિ-તપ-સંપત્તિ વગેરેનો અહં કરવો...
- બીજાની નિંદા-મશ્કરી કરવી, બીજાને એકલા પાડવા...
- છતી શક્તિએ બીજાને સહાયક ન બનવું...
- પોતાના દોષ છુપાવવા માયા કરવી, જૂઠ બોલવું, પોલીટીક્સ રમી લાભ ખાટવાનો પ્રયત્ન કરવો...

## નામ કર્મ



Painter - ચિત્રથી કાબરચિતરો કાગળ



શરીરધારી જીવ



Painter - ચિત્રથી કોરો કાગળ



શુદ્ધાત્મા




**અન્ય બંધન તથા અન્યના પ્રભાવથી મુક્ત એવા જીવને શરીરાદિના બંધનમાં-લેબલમાં ઢાળનાર કર્મ તે નામ કર્મ...**

### નામકર્મનું સ્વરૂપ

- ઉજ્જ્વળ-નિર્મળ કાગળને ભિન્ન-ભિન્ન કલરથી રંગતા તેનું અસ્તિત્વ જેમ કાબરચીતરું બની જાય છે, કાગળની ઉજ્જ્વળતા ભિન્ન-ભિન્ન કલરથી બંધાઈ જાય છે-ઢંકાઈ જાય છે તેમ અરૂપિ, અછેદી, અવેદી, અનાશી, અપાશી એવો જીવ દેહના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-આકાર-વજનના બંધનમાં બંધાઈને દુઃખી થાય છે. આનું ચાલકબળ તે જ નામકર્મ...
- દેહ જન્ય ભૂખ, તરસ, ઠંડી, ગરમી, રોગ, ઘડપણ, મૃત્યુ વગેરે વેદના તથા બંધનોનું કારણ આ નામકર્મ છે.
- આ કર્મના મુખ્યત્વે ૩ વિભાગ છે પિંડપ્રકૃતિ, પ્રત્યેકપ્રકૃતિ અને ત્રસ-સ્થાવર દશક...
- આ બધી પ્રકૃતિ દેશઘાતિ- (**Dk**) છે.










## ઉપરોક્ત તમામ "પિંડપ્રકૃતિ"શરીરની રચનામાં મુખ્ય ભાગ ભજવનારી છે

### નામકર્મના વિભાગો - પિંડ પ્રકૃતિ

- નામ કર્મ મુખ્યત્વે શરીર સાથે સંબંધિત કર્મ છે, માટે તેના મુખ્યભેદને **પિંડ પ્રકૃતિ** કહેવાય છે.
- પિંડ પ્રકૃતિના ૧૪ મુખ્યભેદ અને ૭૫ ઉત્તરભેદ છે. ગતિ, જાતિ, શરીર, સંઘયણ, સંસ્થાન, વર્ણાદિ-૪, બંધન, સંઘાતન, વિહાયોગતિ અને આનુપૂર્વી...
- **સંઘયણ** = હાડકાની રચના (મેનબોરો)
- **સંસ્થાન** = બહારથી દેખાવ (Looks & Features)
- **વિહાયોગતિ** = શરીરની ચાલનો પ્રકાર.
- **આનુપૂર્વી** = એક ભવથી બીજા ભવમાં વિગ્રહગતિથી જવા ટ્રાવેલ માટે જીવ આ કર્મનો ઉપયોગ કરે છે. આવી બાહ્યશરીર રચના પિંડપ્રકૃતિ નામકર્મને આધીન પ્રાપ્ત થાય છે.


સૂર્ય (આતપ)


ચંદ્ર (ઉદ્યોત)


પ્રાણાયામ (શ્વાસોચ્છવાસ)

## નામકર્મના પેટાવિભાગો - PART 2


સુથાર (નિર્માણ)


પર્સનાલીટી વાળો માણસ (પરાઘાત)


તીર્થંકર ભગવાન (તીર્થંકર)

## શરીરને (વ્યક્તિત્વને) અસર કરતી નામકર્મની "પ્રત્યે પ્રકૃતિઓ.."

### નામકર્મના વિભાગો - પ્રત્યેક પ્રકૃતિ

- બાહ્યશરીરને કે વ્યક્તિત્વને અસર કરનારી વ્યક્તિગત પ્રકૃતિ એટલે પ્રત્યેક પ્રકૃતિ. તેના ૮ ભેદ છે.
- **આતપ :** સ્વયં શીત, પ્રકાશ ઉષ્ણ,
- **ઉદ્યોત :** સ્વયં શીત, પ્રકાશ શીત,
- **શ્વાસોચ્છ્વાસ :** શ્વાસ (પ્રાણવાયુ) લેવો-મુકવો,
- **નિર્માણ :** ઈન્ટીરીયર ડેકોરેટર બની યોગ્ય સ્થાને યોગ્ય અવયવ ગોઠવવા-નિર્માણ કરવું.
- **ઉપઘાત :** પોતાનાથી જ પોતાનો પરાભવ,
- **પરાઘાત :** બીજાની Personalityથી પ્રભાવિત થઈ વશ થવું તે...
- **અગુરુલઘુ :** વજનને મેન્ટેન કરે,
- **તીર્થંકર :** અતિવિશિષ્ટ ઐશ્વર્ય-સત્તાનું સ્વામિત્વ.










## નામકર્મના પેટાવિભાગો - PART 3










## બહારથી જીવ પર અસર કરનારી નામકર્મની “ત્રસ/સ્થાવર દશક”ની પ્રકૃતિઓ...

### નામકર્મના વિભાગો - “ત્રસ-સ્થાવર દશક”

- **ત્રસ :** ઈચ્છા મુજબ હલનચલન કરવાની શક્તિ.
- **બાદર :** ૧, ૨, સંખ્યાતા અથવા અસંખ્યાતા ભેગા થયા પછી દેખી શકવાની શક્તિ.
- **પર્યાપ્ત :** One tipe of software
- **પ્રત્યેક :** એક જીવ-એક શરીર, સંપૂર્ણ માલિકી.
- **સ્થિર :** અવયવો સ્થિર મળવા.
- **શુભ :** ઉત્તમ અવયવોની પ્રાપ્તિ થવી.
- **સુસ્વર :** સુંદર કંઠની પ્રાપ્તિ.
- **સૌભાગ્ય :** બીજાની ચાહના-પ્રેમ મેળવી આપે...
- **આદેય :** તમારી વાતનો સ્વીકાર કરાવે...
- **યશ :** તમારી નામના-પ્રતિષ્ઠા વધારે...

આ ૧૦ કર્મો ત્રસ દશક છે, એનાથી વિરોધી ૧૦ સ્થાવર દશક સમજવા...




**ઉપરોક્ત કારણોથી શુભ-અશુભ નામકર્મ બંધાય છે.**

## શુભ-અશુભ નામકર્મ બંધના કારણો

- પાપભય, સરળતા, પરોપકાર તથા સહન કરવાથી શુભ નામકર્મ બંધાય.
- ક્ષમા, નમ્રતા, ઉદારતા, બ્રહ્મચર્ય, સંતોષ વગેરે ગુણોથી શુભ નામકર્મ બંધાય.
- સંઘ-સાધુની વૈયાવચ્ચ, સાધુને સમાધિ દાન, શાસન પ્રભાવના વગેરેથી શુભનામકર્મ (તીર્થંકર નામકર્મ) બંધાય...
- વક્રતા, બીજાને ઠગવા, નિંદા કરવી, આળ મુકવું, ચાડી ખાવી વગેરેથી અશુભ નામકર્મ બંધાય.
- કામણ-ટૂમણ કરવા, બીજાને નુકશાન પહોંચાડી સ્વાર્થ સાધવાથી અશુભ નામકર્મ બંધાય.
- નકલ કરવી, ચોરી કરવી, ચંચળતા, માયા વગેરેથી પણ અશુભ નામકર્મ બંધાય.




આઠ કર્મથી ઢંકાયેલો જીવ



Install કરેલ પોગ્રામથી જેમ કોમ્પ્યુટર કામ કરે છે તેમ
Install કરેલ પોગ્રામથી આત્મા પણ કામ કરે છે.

બસ પોતાના જ બનાવેલા કર્મના પોગ્રામથી ફસાયેલા જીવની લાચારી, બેહાલી અને બરબાદી તથા કર્મના પોગ્રાને Hack કરી ધર્મ-ગુણ-પુણ્યના પોગ્રામને Install કરવાથી સર્જાતી આત્માની સમૃદ્ધતા-સ્વતંત્રતાને સમજવા વાંચવું રહ્યું.

प्रस्तुत पुस्तक.... कर्म विज्ञान